સૂર્ય-કળા

રચી, છપાવી પ્રસિદ્ધ કરનાર,

ભગત ગોપાળદાસ પ્રેમચંદ શાહ.
માંડવીની પોળ સુરદાસ શેઠની પોળ, ઘર નં. ૩૩૨૭.
અમદાવાદ.

આવૃત્તિ. ૧. પ્રત ૭૦૦.

અમદાવાદ,
ટંકશાળમાં ધી "યુનિયન" પ્રિન્ટીંગ પ્રેસ કંપની
લીમીટેડમાં મોતીલાલ શામળદાસે છાપ્યું.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

કીંમત રૂ. ૦—૧૨—૦

પુરૂષપાત્રો.

ચંદ્રસિંહ—મહાનનગરીનો રાજા અને સૂર્યનો પિતા.

સૂર્યસિંહ—કળાવતિનો થનાર પતિ.

જાલમસિંહ—સૂર્યનો કાકો, ચંદ્રનો ઉદરભાઇ

અમાત્મવિનોદ—તેનગરીનો પ્રખ્યાત રાજાનો પ્રાવેટ સેક્રેટરી

લંપટરાય—ધનીકપાણી માથે પુત્ર કળાનો આશક.

કુરસિંહ—લૂટારો, બહારવટીઓ.

સ્ત્રીપાત્રો.

દૂરમતિ—ચંદ્રની પટરાણી જાલમની આશક.

કળાવતિ—અમાત્યની પુત્રી.

કેસર }
ચપળા } દાસીઓ.

કસ્તુરી—વિનોની સ્ત્રી.

વીગેરે નારદજી, ઋષી, પુત્રીયો, સિપાઇઓ વિગેરે.

વાંચો ? જલદી વાંચો ! નામ નોંધાવો.

પ્રસ્તાવના.

સુજ્ઞ વાંચકો આ નાટકનો આધાર યુરોપના મહાન કવી સેકસપીયરના હેમલેટ નામના નાટકપરથી બનાવવામાં આવ્યું છે. મારો ઉદ્દેશ તે નવલકથા પરથી કોઇ સુભ નાટ્ય રચાય અને આ અવની પર ભજવાય-તો ઘણું શ્રેય થાય. આ નાટ્યનો ઉદ્દેશ, માણુસ જાતીના ભાગમાંની સ્ત્રીજાતી પર રચવામાં આવ્યો. તે સઘળું નીચેની (લાઇનો) અગર લખાણ પરથી સમજાશે.

મહાન નગરીના છત્રપતિ રાજા ચંદ્રસિંહ ને એક પત્નિ હતી. તે પત્નિના પૂર્વના સંસ્કારે પુર્ણીમાના જેવા પુત્રનો પ્રસવ થયો, રાજાએ તે બાળકને ઘણા ઠાઠમાઠથી અને ઉમંગથી મોટો કર્યો. જ્યારે તે પુત્ર ત્રણ વરસનો થયો ત્યારે તેને ચંદ્રસિંહ રાજાએ પોતાના નિમકહલાલ વજીર અગર અમાત્ય વિનોદરાયને સોંપ્યો. રાજાને પોતાનો સગો ભાઇ હતો, ને પોતાના ભાઇને રાજ્ય પ્રાપ્ત થએલું જોઇ ઘણોજ નારાજ થયો તેના મગજમાં તો કયારે ભાઇનું મરણ થાય અને રાજ્ય લેવાય તેના હાથમાં છેવટની એક યુક્તી આવી. પોતાના ભાભીને વ્યભી-ચારમાં મસ્ત બનાવી તેની જ પાસે ભાઇનું ખુન કરાવવું. આ પ્ર-માણે ભાઇનું ખૂન કરાવી પોતે ગાદીએ બેસે છે, થોડા વર્ષ પછી જ્યારે સૂર્ય મોટો થાય છે ત્યારે અમાત્ય વિનોદ ગુપ્ત વેસે સર્વે જોએલું તે વીદીત કરે છે. સૂર્ય પોતાના બાપના ખુન માટે

કાકાને મારવા તત્પર થાય છે. તે વાર્તામાં તે પુત્રને જે જે દુઃખો તથા સંકટો પડે છે તેને તે કેવી રીતે સહન કરે છે. અને દૂર કરી શકે છે બીજુ જે આ નાટ્યપર, નારદજી તથા ઋષી મુનીઓનો પ્રવેશ કરાવેલો છે તેનો ઉદ્દેશ એ છે કે જે માણસ પોતાના પિતાનું ખુન તથા પિતાની આજ્ઞાનુસાર વર્તન કરે છે તેવા બાળકોને દૈવતાઓ પણ આ કામમાં મદદ આપવા આવે છે. તેમાં કાંઇ સંકા લાવવાનું કારણ નથી. અને ત્રીજુ આપડા નાટ્યની અંદર ફારસ જોઇએ તે અમાત્યવિનોદ અને તેની સુધરેલી ફેશનેબલ સ્ત્રી કસ્તુરી તથા લાખોની પુંજીમાં ઉછરેલો લંપટરાય નામે વાણીઓ પોતાના પૈસાના નિશાપર મનમાનતુ કાર્ય કરવા શરૂ કરે છે પણ લક્ષ્મીદેવી તેને ઉંડા ખાડમાં ફેંકી દેછે કે ફરી બહાર નિકળવાજ માગતો નથી.

ચોથું આ વાર્તાનો છેવટનો ભાવાર્થ એ છે કે પ્રેમી કળાવતી એ પોતાના પતિ સૂર્યસિંહપર કેવો પ્રેમ રાખ્યો પોતાના ગાનમાંથી મુકી નહી કેવળ પતિના ગાનમાં તાનમાંજ ગુલતાન રહેતી. પોતાના આવા અચળ નિયમ જારી રાખનાર સ્ત્રીઓ આર્ય ભુમીમાં કેટલી હશે! મારી નજર તળે તો હાલ બીલકુલ માલમજ પડતું નથી.

પિતાનો પ્રેમ વિના બાલગી પોતાના ઘરમાંથી નીકળી અને છેવટે તેનો પતિ તેને પ્રાપ્ત થયો અને દેવ સંયોગે તેઓના એક બીજાના લગ્ન થયા.

વિજ્ઞપ્તિ.

સુજ્ઞ, વાંચકો આ પુસ્તકના ગાયનો થોડા વખતમાં છપાઇ બ-હાર પડશે જેઓ સાહેબને જોઇતા હોય તેઓને નિચેના સરનામેથી મળશે તથા બહાર ગામના ગ્રાહકો પર પુરતી દેખરેખ રાખવામાં આવશે, આ પુસ્તક છપાઇ બહાર પડયા બાદ અમારૂં બીજું નવલું રસીક રમ્ય વાત સંવાદથી ભરપુર હાલના જમાનાને અનુસરતું વાં-ચકોને વાંચી આનંદ ઉપજે તેવું કાઠીયાવાડી–કમળ નામનું નૉવેલ બહાર પડશે. તેની કીંમત ફક્ત ૧–૪–૦ રાખવાથાં આવી છે. આ-ગળથી ગ્રાહક થનારને ફક્ત રૂ. ૧–૦–૦ માં મળશે. પુસ્તક સસ્તામાં મળે છે માટે આવો ઉમદા તક જવા ના દેશો? વિજ્ઞપ્તિ વાંચી તરતજ નીચેના સરનામે કાગળ લખો. બહાર ગામના ગ્રાહકોને ખબર આ-પવામાં આવે છે કે નોટપેડ કાગળ રાખવામાં આવશે નહિ. રોકડી કીંમતથી અગર વેલ્યુપેબલ પાર્સલથી મંગાવી લેવા.

સુજ્ઞ વાંચકો આ નાટય પ્રયોગનો મારો પહેલો પ્રયાસ છે તેમાં જો ભુલચુક માલુમ પડે તો મારી તરફ રહેમની દ્રષ્ટીએ જોઇ માફી આપશો એજ.

સરનામુ—**ભગત, ગોપાલદાસ પ્રેમચંદ.**
માંડવીની પોળ, સુરદાસ શેઠની પોળ—ઘર નં ૩૩૨૭.

સૂર્ય—કળા.

અંક પહેલો.

પ્રવેશ ૧ લો—(સ્થળ સ્મશાનભૂમિ નાગી તલવારે સૂર્યસિંહ પ્રવેશ કરે છે)

સૂર્ય—અફસોસ! આજે મેં શું સાંભળ્યું, ઘણા દીવસની લોકનીંદા તેની આજે મિત્રના મુખેથી ટકોર સાંભળી મનમાં સંતાપ આવ્યો છે હજુ તો લડાઈના હીગામમાંથી ફતેહ સાથે પાછો ફરી, પ્રિયા કળાવતીના પ્રેમમાં આનંદીત થઈ શ્રમ ઉતારવાના વિચારમાં હતો, એટલામાંજ કુટુંબી કલંક સાંભળી નવી ઉપાધીમાં પડયો છું ? મારી ચડતીના સૂર્યની ગતિ આથમતીજ અટકશે ? મારી માતા જે આજ વીસ વીસ વર્ષથી મહારાજા જાલમસિંહના અંતઃપુરમાં રહી હજારો લાગવગ વાપરી નિરંતર મારૂં સુખ ઇચ્છે, મારા મરહુમ પિતાને વારંવાર યાદ કરી, અશ્રુથી અર્ધ્ય આપે તે શું ખૂની? વાદળમાંથી અગ્ની? સુખડમાંથી દુર્ગંધ? નહિજ, ત્યારે શું અદેખા દરબારીઓની આ પ્રપંચી જાળ હશે, ના, તે પણ નહિ પ્રપંચમાં મિત્રવિનોદ કોઈ દિવસ ભળે નહિ. વિચાર કરતાં કરતાં હું છેવટે થાકયો, પણ ચોક્કસ નિશ્ચયપર નાજ

આવ્યો. તેથી લોકવાયકા પ્રમાણે મરહુમ પિતા ચંદ્રસિંહનું પ્રેત રાતના બાર વાગે અશાંતિ પોકારતું આ સ્મશાનભુમિમાં આવે છે તે નજરે જોવા અંધારી કાળી રાત્રીએ છૂપાતો, ભરાતો એકલો આવ્યો છું, પણ અરે ગમે તેવી ભયંકર જગ્યાએ હું એકલો નીડર ચાલી જનાર તે અહિં આવતાંજ ધ્રુજું છું? હીંમત ઘટતી જાય છે. ધૈર્ય ઓછું થતું જાય છે, ખરેખર આ તો માનસુકનનો પેગામ, ફીકર નહિ? ગમે તે જોખમે સત્ય શોધવાની હૈડે હામ છે? અધીરૂં મન સંસયથી બન્યું છે. અહો વખત તો થઇ ગયો છે. પણ કેમ કાંઇ ના દેખાયું. ખરેખર બધું તરકટ, લોક જુઠા, મિત્ર જુઠા, હવે સંશયને દૂર કરૂં, આરામથી ફરૂં, (તલવાર ફેરવતો જવા માંડે છે, દરમ્યાન ભૂત ભડકો થઈ પ્રવેશ કરે છે.)

પ્રે૦—સબૂર! લોક મિત્ર સાચા છે. તેમને તારા મરહુમ પિતા તરફનો ચાહ બોલાવે છે.)

સૂ૦—અહો! હીંમત આપનાર દેવતાઓ મુને સહાય થાઓ, મારી મારી મદદે ધાઓ, હું ના હીંમત થાઉં છું. ગભરાઉં છું ને હું આ શું જોઉં છું. ભૂત કે પિશાચ.

પ્રે૦—ગભરાઇશ ના સૂર્યસિંહ, મારાથી બી ના, તને આવશે નહિ આંચ.

સૂ૦—અરે આવો એજ અવાજ, એજ ઓહ, જેની બચપણમાં મૂછો ખેંચી હતી, પ્યારથી ઉછંગે બેસી મસ્તી કરી હતી.

પ્રે૦—હા તેજ. આ તારા અભાગી પિતા મરહુમ ચંદ્રસિંહને આજ પ્રેત રૂપ જુએછે. સૂર્યસિંહ મારૂં સર્વે લૂંટાઇ ગયું છે. મારૂં ખૂન થયું છે.

સૂ૦—હેં! શું ખૂન? ત્યારે આપનું સર્પ ડંસથી મરણ થયું તે ખોટું છે?

પ્રે૦—હા ? હડહડતું જુઠું છે ખૂન ? વેર લેવાની વાંચ્છના રહી ગઈ છેવટની તેથી મારી અધમ અવસ્થા થઈ, બેટા મારે માથેથી અશાંતિનો બોજો ઉતાર, મને પ્રેત યોનીમાંથી તાર.

સૂ૦—બાપુ અકળાઓ ના, જલદીથી નામ બતાવો, વિગેરે સમજાવો.

પ્રે૦—લે સોગન કે તું બદલો લઇશ તોજ હું વિસ્તારથી કહીશ.

સૂ૦—હું શંકર સાક્ષીએ કાર્ય સિદ્ધ કરીશ.

પ્રે૦—(ખુશીથી) ઓહો, કનકાવતીના ભવિષ્યના નરેશ આમ આવ, પત્થર પર બેસ, (સૂર્ય બેસે છે). સાંભળતાં તારૂં દીલ પથ્થર માફક સખ્ત કરજે. જો ? તારી અધમ માતાને જાલમે વ્યભીચારમાં ફસાવી, સ્વતંત્ર થઈ મન માનતું સુખ ભોગવવાની લાલચો તેના મન પર ઠસાવી પાછળથી રાજ્યના લોભે મારા લોહીથી હાથ રંગવા તે દુષ્ટે કમર કસી ફરેબની જાળ રચી તારી મા મારફતે કૃતિમ પ્રેમથી ભોળવી બાગમાં સૂવાડી કાનમાં ઝેર નાખ્યું. ઉચ્છીત ફળ ચાખ્યું માટે દેખીતો નાગ નહિ પણ એ અધમચારી નાગ નાગણ ડસ્યા.

સૂ૦—અફ ? આ શું સાંભળું છું દેવના રૂપમાં દૈત્યો.

પ્રે૦—હા તેમજ છે એટાકર મારૂ કામ.

સૂ૦—(હાથ જોડી) ભોળા પિતા આજથી મુને પણ શાન્તિ હરામ (ઉશ્કેરાઈ) જાલમની પાસે જઈ ખુનનો બદલો પુનથી લઇશ ? પાપીઓને પુરા કરીશ ત્યારેજ સુખે ઠરીશ એ દુષ્ટોની લોભી લાલચમાં આગ લગાડી, મારી તેના ખુનનો પ્યાલો ભરીશ, અધમ માતાને પણ.

પ્રે૦—સબુર ? એક ચેતવણી આપુંછું ખરા ક્ષત્રીઓ અબળા પર હાથ ઉગામતા નથી તેમ તેનું મન મલીન કરનાર જાલીમ છે.

તેથી હજુ પણ તારી કૃતઘ્ની મા માટે મારા હૃદયમાં દયાના અંકુરો છે. વળી પિતાના વૈરૂ માટે માતાનો ઘાત કરવો તે એક સદ્ગુણી પુત્રને દુષણ છે. માટે તેને સતાવવી નહિ. એજ મારી અરજ છે.

સૂ૦—અરજની શી ગરજ છે પિતાના હુકમ મુજબ વર્તવું એ પુત્રની પહેલી ફરજ છે. બીજો કોઈ હુકમ હોય તે ફરમાવો.

પ્રે૦—તારો જય થાઓ.

સૂ૦—હવે બે ઘડક આપને સ્થાન જાઓ (પ્રેત જાય છે) ઓ સ્વાર્થી સરદાર તને હજારો ધિક્કાર છે, પતિ પત્નિના નિર્મળ ગણાતા સ્નેહમાં જ્યારે ઝેર ભેળવ્યું લોભે ઘર કર્યું તો માતા વસુંધરા? ઓ પાપીત માઓથી ભરપુર વસુંધરા હવે તું કયા પુન્યના બળથી ભાર આ જગતો ઝીલે છે. હવે વિશ્વાસ પણ કોનો કરવો ખરેખર સ્ત્રીઓ વિષવેલીઓ જણાય છે. તેમનો જન્મ ફક્ત નયનના નખરેથી પ્રેમરૂપી ઝેરી મદિરા પાઈ પુરૂષોને ભોળવી કર્તવ્યથી નષ્ટ કરવા માટે જ છે. પ્રત્યક્ષ જોયું સુખ સોષનારી રાક્ષસસણીઓના પ્રેમથી કહાડી સાંભળી મારૂં દીલ ખુબ રોઝ્યું છે. ને સાર મેળવ્યો કે, સૌ સ્વાર્થનો સંરંજામ છે. તેથી મારે પણ કળાવતીનો પ્રેમ હરામ છે. કળાવતિ તારે માટે મારો ચાહ અઘાત છે પણ આખરે તું સ્ત્રી જાત છે તો તે સ્ત્રીના પ્રેમ પર મારી આજથી લાત છે દૂર થાઓ. કળાવતીની પ્રેમની કલી તું કરમાઇ જાઓ સંગી દીલ હવેથી તું દુર થા અને પાપી જાલમના પ્રાણ લેવા ઘાતકી થા, જાલમ? તેં જુલમ કર્યો. નામ પ્રમાણે કૃત્યથી ક્રૂર કર્યો છે. નીચ, નીમકહરામ તારા વડિલ બંધુ, અન્નદાતાનું ખુન કરતાં

તારી માતા સમાન ભાભીની લાલચોથી ઉશ્કેરી શિયળ સંહારતા તને મુદ્દલ પણ શરમ ના આવી તો યાદ રાખજે કે તમને બાળક સમજી ફોસલાયા કરતો હતો તેજ તારા જેવો ક્રુર બની તારા કરેલા કૃત્યોના જવાબ માગવા આવશે, કદાચ તારા વૈભવોની વહારથી છટકી જવામાં ફાવશે. તો તું જ્યાં જઇશ ત્યાં તારી પુઠે લાગીશ. તેમ કરતાં બી, જંગલી જાનવરોની માફક રખડીશ, આહાર, નિંદ્રા, કે તૃષ્ણાનો ત્યાગ કરીશ, પણ બાપના ખુનનો જવાબ માગીશ, અને ઓ વ્યભિચારણી માતા જેવું ના લેતા હવેથી શરમાઉં છું. તે માતા તને જરાક પણ દયા ના આવી, જો? મરહુમ પતિ ચિતામાં પણ તારૂં સુખ ઇચ્છી રહ્યા છે. તેને તેં પાર કર્યો ત્યારેજ તારો પાપાત્મા ઠર્યો ઓ આરસના પુતળા સમાન સફેદ નાગણ કાળો કેર વર્તાવી તારા દષ્ટાનથી પુરૂષો સ્ત્રીના સંબંધમાં આવતા ધ્રુજશે. તારી સ્ત્રી જાતના નામપર થુંકશે. ને આ અભાગી સૂર્યસિંહના હાથથી જો કે બચીશ તો પણ કુલટા કામિની ખાતરીથી માન જે કે તારા માની લીધેલા સુખનો જ્યારે સત્યાનાશ વળશે. ત્યારે કરેલા કર્મનો પશ્ચાતાપનો દેવતાઈ કીડો જાગી મારા પીતાના વૈર લેશે. તારા પાપની પીડાએ મુને દિવાનો બનાવ્યો છે. મારા સુખમાં દુ:ખનો ડુંગર તોડી પાડયો. સંસારના સર્વે સુખોથી સંબંધ છોડાવી ફક્ત વૈર સાથે બંધાવે છે. વૈર વૈર તારો શું ચમત્કાર છે, તમારા પ્રતાપે જીવનમાં કાંઈ નવુંજ જોર વ્યાપ્યું છે. હાલ તો તમારૂં સ્થાન આ હૃદયમાં સ્થાપું છું તેમાં બીરાજો ને ગાજો. (વિનોદ પ્રવેશ.)

ગાયન ૧ લો.

વિ૦—ભાઇસાહેબને શોધતો શોધતો થાક્યો તો સ્વારી અહીં પધારી છે. આ રાંડ લુલીના પરાક્રમે પ્રીયબંધુના સુખમાં ચીંતાની ચીંતા સળગાવી છે લાવ જરા સંતાઇને વધુ સાંભળું.

સૂ૦—બસ એજ જાલમનું કાશળ કાઢવામાં જેમ બને તેમ જલદીથી પગલા ભરવા ભલુ થજો વિનોદનું કે વાતનો ઇસારો કરી મારી ભેદ ભરમની જીંદગીના પડદાની દોરી ખેંચી નહિતો કપાળપર વર્ણશંકર પુત્ર તરીકેનો ડાઘ રહી જાતને પીતાનું વૈર પણ ના લેવાત હાય હાય વ્યભિચારીણીના પુત્ર તરીકે ઓળખાવાની જે કાળાશ લાગી છે તે શું લાખ્ખો શતકર્મો કરતાં બલ્કે હજારો જાલમના ખૂન કરતાં જવાની છે ? અરેરે પણ એવો કયો નીમકહરામ રજપુત હશે કે હકદાર વારસ મટી પટાવત થએલો સમજતાં અને કુલટા માતાના પેટે જન્મ લીધો છે તે જાણતાં તેનું લોહી એકદમ નહી ઉકળે ? માતા મુને જન્મ આપી ક્યાં ઝેર ના દીધું કે લોકમાં નીચું જોવાનું કૃત્ય કીધું ? દીનાનાથ રંક બાળક પર બહુ નાખી આટલા બધા દુઃખમાં હજુ એક શાન્તવન છે કે મારો પીતા પ્રતાપી ચંદ્રસિંહ હતા.

વિ૦—(સ્વગત) વૈરની આગે તો બહુજ ગંભીર રૂળ પકડયું જણાય છે. નહિ તો જેની છાતી પર લાખ્ખો તલવારોના ઘા પડે તો પણ એક આંસું ના પડે તે આજે એકલો નાના બાળક માફક રડે છે. માટે લાવ હવે તો જાહેર થાઉં (ચાલન) ભાઇસાહેબ ?

સૂ૦—(ગભરાઇને) શું ? એણે મારી વાત સાંભળી હશે ? લાવ પહેલા ઉડાવું વિનોદનું અહીં ક્યાંથી કોને ખબર આપી.

વિ૦—મુરબ્બીજી મારી વિચાર શક્તીએ અને તમારા સેતેજ ભગજે આપીને જ્યારથી આપને જલમને પાર કરવાની ઝુબેશ લાગે છે ત્યારનો આવી પહોંચ્યો છું.

સૂ૦—એતો સેહેજ લડાઇના વિચાર કરતો હતો ?

વિ૦—મહેરબાની કરી હવે ના ભિડાવો ચેતવણી આપનાર હુંજ છું, માટે દાએવણ આગળ પેટ ના છૂપાવો મારા અન્નદાતાર વખત સર ચેતવણી આપવામાં મારો હેતુ હતો.

સૂ૦—(ખચ્ચકાઈ)—વખતસરની ચેતવણીને વળી તારો હેતુ તે કેમ?

વિ૦—મહારાજ આપના અને મરહુમ પિતાના પ્રતાપે આ દેહ માલ મલીદા ખાઈ ખૂબ રાતો માતો બન્યો છે. દેહના દરેક રજકણો આપના દેવાદાર છે. તેવા માલીકનું અનિષ્ટ થએલું નજરે જોયું ના ખમાયું તેથી વખતની રાહ જોતો લોબાઓ ઉપરથી તેમને મળી ગયો પણ અંદર ખાનેથી તેમની હીલચાલ તપાસતો રહ્યો. તેવામાં આપ જેવા શૂરા નરવરનું એક હાથે દુશ્મનોનું દાટ વાળવાનું પરાક્રમ જોઈ કીંમત આવી મેં વિદિત કર્યું ને ચાહ્યું કે મરહુમ માલીકનું દેવું ચુકાવવા આપ જેવા આગેવાનની સાથે મળી ભલે પછી આ દેહના રાઈ રાઈ જેવડા ટુકડા થાય, પણ મરહુમનું વેર લેવાય. તો મારી જનેતાએ જે નવ માસ ઉદરમાં ભાર ઝીલ્યો તેનું સાર્થક થાય ? માટે પ્રભુ મારાથી છૂપી બાજી ના રમો ને સેવકની સેવા સ્વીકારો ? (પગે પડે છે.)

સૂ૦—(હાથ પકડી ઉઠાડી) શાહબાશ ? શાહબાશ ? વિરરત્ન તારા જેવા મીત્રની હાજરી દુઃખમાં એક સહાય છે હું પિતાના પ્રેતને મળ્યો છું તેથી ખુનની રાહપર વળ્યો છું કાર્ય સાંધવા માટે આજથી ગાંડાનો વેશ ધરીશ ? ને જીતના દરબારમાં જે પોષાક

આપવાનો છે ત્યાંથી શરૂ કરીશ ને પ્રેતના જણાવ્યા પ્રમાણે તે ખરેખરો ગુનેહગાર છે કે નહિ તે તેના મોંહ ઉપરના થતા ફેરફારથી સમજી શકીશ.

વિ૦—બાપુ ભર દરબારમાં હાય કરતાં હાની થશે ?

સૂ૦—નહિ ત્યાંથી તો હું છટકીશ પણ વખત આવે એવી સોટકી મારીશ કે તેના મદદગારો પણ હાથમાંથી છૂટવા પામે નહિ.

વિ૦—વેશ ભજવવામાં કુમળી કળાવતિનું કેમ ?

સૂ૦—આજથી હરામ છે તેનો પ્રેમ.

વિ૦—ભુંડી થશે ?

સૂ૦—ત્યારે શું રજપુતની પ્રતિજ્ઞા વ્યર્થ જશે ? માટે ચાલને મારો મદદગાર થા.

વિ૦—સેવક તૈયાર.

ગાયન ૨ જું.

પ્રવેશ બીજો. (૨)

સ્થળ રસ્તો.

કે૦—ઘરની ઉઠી વનમાં ગઈ તો વનમાં લાગી આગ તે કહેવત મુજબ મારી દશા થઈ. બે પૈસા કળાવતિ બાનું લગ્ન થાય તો મળવાની આશા હતી તો પણ આજે ઉડી ગઈ. બાઈની મોકલેલી તસ્થીર અને પ્રેમ મુદ્રીકાનો અનાદર કર્યો. ગુસ્સેથી ફેંકી દીધી ફરી મહેલપર મુકવાની મના કીધી, વિનોદરામના કહેવા પ્રમાણે શું ગાંડા થયા હશે ? પણ હવે મારે બાને કહેવું શું ? નસીબ બે ડગલા આગળનું આગળ દૈવ શું મારા નસીબે વાત બગડી

ભલે પ્રભુ મને કાંઈ ના આપતો પણ મારા બાઇનું સુખ સંભાળજે-
(જવા માંડે છે.)

લં૦—(ચાલતો) કળાવતી વહાલી તારીજ માળા જપુ છું વિરહાગ્નીથી બળું છું

કે૦—બાઇનું તો હવે સૂર્યસિંહમાં કાંઇ વળે તેમ લાગતું નથી વળી કોઈ બીજા દરવાજે ધક્કા ખાવા પડશે ચાલ નસીબ.
(બન્ને અથડાય છે.)

(સ્વગત) અરે વળી આ મુઓ ક્યાંથી મળ્યો પૈસાના અભિમાનમાં બા સાહેબ સાથે લગ્ન કરવાના ફાં ફાં મારે છે તો લાવ હું પણ તેને બતાવું. નહિ તો પીછો નહિ છોડે.

લં૦—(સ્વગત) અરે આતો કેસર કળાવતિની દાસી લાવ તેને હાથમાં લઈ કળાવતીને મેળવવા ભાગ્યશાળી થાઉ. (ચાહન) ઓહો? કેસર ક્યાંથી આવી કયાં જાય છે ?

કે૦—(સ્વગત) ઠીક મુઓ લાગમાં આવ્યો અક્કલનો અધુરો ને અભીમાની પુરો છે લગાર ચઢાવું. (ચાહન) કર્મની કુથલી તો અમારા બા સાહેબ સૂર્યસિંહને ચાહે છે તેમ તેમ તે ભીજાસી થતા જાય છે. હવે બીજી ગોઠવણ કરવીજ પડશે ને ?

લં૦—(સ્વગત) ભાગ્યશાળીને ઘેર ભૂત રળે તે આનું નામ ઘેર બેઠે ગંગા આવે તે આનું નામ. કેસર ? સૂર્યસિંહ ગાંડો થયો જણાય છે તેથી તે હરેક પ્રકારે રદ બાતલ થયો છે, માટે જો તું મારૂ ચોખડું બેસાડે તો ન્યાલ કરી દઉ. લે આ પ્રથમ ભેટની ભેટ. (કડો આપે છે.)

કે૦—(સ્વગત) હૈયાના ફૂટયા ને ખીસ્સાના તર તે આનું નામ (ચાહન) (વિચાર કરવાનો ઢોંગ કરી) કામ તો ઘણું જ કઠણ છે પણ તમે મુને બહુ શરમાવો છો માટે મહેનત તો

કરીશ પછી તમારૂં નસીબ તે વખતે હું મેં માગ્યું ઇનામ લઇશ.

લં૦—અરે તારે તો ફક્ત ચાર આંખજ એકઠી કરી આપવી પછી જો મારી ચાલાકી કે મળતાજ કામ પાર. ત્યારે તું પણ સમજશ કે લંપટરાય તે આ બંકાનું નામ, તારે જોઇએ તો ઇનામની ટીપ આપે તો કાલેજ મોકલાવી દઉં.

કે૦—ધન ઘેલા તે આનું નામ (ચાહન) લ્યો મારા ઇનામની ટીપ.

ગાયન ૩ જું.

લં૦—હાશ રાંડ બઇરાની જાતને સમજાવતાં કેટલીવાર હવે આપે છે તેનો બાપ પણ આ કોમળ મગજને તસ્દી તો ઘણીજ પડી તદ્દન થાકી ગયો હાશ જરા શક્તીની દવા લેવી પડશે. અરે હજુ મિત્રો દવા લઇ કેમ ના આવ્યા ? આજના ખુશીખબર તેમને કહેવા પ્યારી કળાવતીની તંદુરસ્તી ઇચ્છી આજ મુબારક જગાએજ બે ચાર ગલાસ લેવા. ખરે પ્રેમ તે આનું નામ. (મિત્રોને આવતાં દેખી) કેમ બાઇઓ બ્રાન્ડીની બાટલીઓ આજ ઓછી લાવ્યા.

બ્રા૦—કેનસીકોનું બીલ હજુ ચુકવાયું નથી. તેથી થોડી આપી.

લં૦—ઠીક ? ઠીક) શું લખપતિના લાલને નહિ આપેતો શું તેના બાપને આપશે વખત આવે જોઇ લઇશ. હાલ તો ઉડાવો ખરી મજાતો એનું નામ. (ગ્લાસો ભરે છે.)

વિ૦—અરે આ શું હડહડતા ધર્મ ચુસ્ત માબાપના પુત્રો દારૂડીયા ? ઠીક બાઇ ઠીક આ રંગ પણ જોવા દે.

સુ૦—યારો ઇસ્કી મજાહ તો જબ યાતે હય કે અયસે વખ્તે સ્યામ હો બગલમેં ગુલફામ હો ? ઓર હાથોમે શરાબે જામ હો અપન મુફલીસો શીરફરો, માસુંકે મલંગા કળાવતી કો હરકોઇ ફેલસે બગલમેં ઉડાતા ઓર રંગ ઉડાતા.

વિ૦—વાહ કળાવતીની કળી અહિંએ ખીલી છે કે શું? ભાઇઓ આ લાયકીવાળા નરોને ધારી ધારી ઓળખી લેજો. ક્યાં આખરોને પ્રધાન પુત્રી.

લં૦—અરે એ તો વાતજ ભુલ્યો લ્યો દોસ્ત તાલી. બેડો પાર કેસર દાસીને ભમાવી દીધી વાત બધી દીલની કીધી લાલચની ભુરકીથી ભમાવી છે. વાત ખુબ રંગથી જમાવી છે સમજ્યા હોશિઆરી તે આનું નામ.

મુ૦—અબ ક્યા બાકી રહ્યા ચલો જબતો ઉસકી તંદુરતી પીએ.

લં૦—હા ભાઈ આજ મુબારક જગાએ ભાઇઓ શરૂ કરો.

મુ૦—ગાના હોને દો બાટલીકા બમન કુદો.

ગાયન ૪ થું.

વિ૦—ખીલ્યો સેનાપતિનો સપુત, નીચ મુરખા સરદારો જરા તો શરમાવો જનેતાની કુખને ક્યાં લજાવો. અરેરે? માબાપો તન તોડી હજારો દુઃખો વેઠી પુત્રને માટે લાખોની દોલતો એકઠી કરી મૂકી જાય પણ લાયક શિક્ષણ વિના આવા કપુતો આર્ય ભૂમિમાં કેવા ત્રાસરૂપ થઈ વડીલોની આબરૂ પર પાણી ફેરવે છે. ધીક્કાર હજો આવા નાદાનોને. દારૂ? દારૂ? તેં આવા કેટલા હૈયાફુટ્યાનું સત્યનાશ વાળ્યું છે. પ્રભુ મારા આર્યબંધુઓને ક્યારે આ વસનમાંથી છોડાવીશ. (વિચારીને) ચાલ મારા માબાપ, હવે પેટની પુજા કરી સૂર્યસિંહને સાચવવાને દરબારમાં વહેલો જાઉં. ભાઇઓ ચાકરી સૌથી આકરી છે.

> નોકરી કરવી વફાથી એજ ચાકર કામ છે.
> આફતની વખતે ભાગનારાઓ નીમક હરામ છે.

(પડદો પડે છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ કળાવતીના મહેલનો એક ઓરડો.

ગાયન ૫ મું.

આહાહા? કેવું મનોહર સ્વરૂપ રંગીલા, રસીલા તમે તો મને ભુરકી નાખી ભમાવી છે. અણીઆરી આંખોના ઇસારે દાસીને પ્રેમ પ્રાસમાં લુબ્ધાવી છે આ મુખ આકૃતીમાં સ્મીત સૂર્ય પ્રકાશી રહ્યા છે. તે ઠેઠ હૃદય સુધી પડે છે આ મુછોના આંકડા પ્રેમની જ્યોત જગાવી કલેજામાં કારમું કામ કરે છે. છબીમાં રહીને પ્રેમ પ્યાસી પ્રીયાના દીલમાં સ્નેહજળ સિંચો છો ત્યારે પ્રત્યક્ષ દર્શનથી આનંદનો વરસાદ વરસાવી તરબોળ કરશો કે શું? અહો આપ શું પ્રચંડ બાહુઓથી સૌર્યની સાબીત આપો છો. ભલે નાથ પણ તે મારી પાસે નહિ ચાલે મેં તો આપને ક્યારનાએ પ્રેમ બેડીમાં જોડી હૃદય કીલ્લામાં પૂર્યા છે. કહો હવે શૂરવિર કોણ? આપ? કે હું? પાતલીઆજી. હુંજ? હજુ પણ વિશાળ છાતીથી શૂરવીરતાનો દાવો કરો છો? હાં? તો મુઓ ચકરનો ચોર મારા અંગમાં ભરાઈ પેઠો છે. તેને હંફાવતાં કેમ ડરો છો. બોલો? હવે તો હાર્યા. હજુ પણ ના એકજ હઠ જેમ રણક્ષેત્રમાં તીખી તલવાર ધારી નામ પ્રમાણે ગુણની ધ્વજા ફરકાવો છો તો મારા પ્રેમક્ષેત્રમાં આવા મુઆ અનંગ મદનરાજને હરાવો ત્યારેજ તમને ખરા શૂરવીર જાણું, હા? હા? હવે કેવા હસો છો જાણે યુદ્ધમાં ઉતરવા ખુશી છો કેમ છો કે તૈયાર? હા તો કેમ વાર લગાડો છો? સમજી. સમજી આદરના અભીલાષી છો તેનીજ વાટ જુઓ છો તો બોલો મારા મુગટ મણી પ્રેમાળ પતિ તો શૂરવીર માટે શું હોય સત્કાર? ચૂપ રહી કેમ સરમાઓ છો. અહીં કોઈ નથી. ઠીક, ઠીક

મારા મુખથીજ બોલાવા માંગો છો તમે પણ અતિશે સત્કારના કાયદા જાણતા લાગો છો. વારૂ હુંજ કહી દઉં છું ઓછું પડે તો રીસાસો નહી વધુ પડે તો ઢોળસો નહિ. હું તો કહું છું એ (ચુંબન) (ચાપલથી કેસર ચપળા જુવે છે.)

છેલા છબીલા કેમ ના બોલો, હૃદય કમળને જલદી ખોલો
મુજને નીરખો ધારી ધારી તો કાં શરમાવો પ્રેમ પુજારી—આહાહા?

સું૦—(ચાહન) વાહ વાહ વાહ ચલાવો ચાલાકી બહુ સારી.

કે૦—પ્રેમ મદીરા હોય પીધેલી તેમ સખી શું બને છકેલી.
ઇચ્છે છે રંગ રસીઓ વહેલી પણ છબીછે જરા ઘેલી—વાહ૦

સું૦—ના ના બાઈ ભૂલીએ તો આહા? આહ ?

ક૦—મારી શું મશ્કરી કરો છો.

સું૦—તમે લાજ શરમથી ક્યાં ડરો છો?

કે૦—બાઈ અમારી મશ્કરી તે શું કામ આવશે એ તો સૂર્યસિંહના સ્નેહ બાણ વાગશે પ્રેમ પાનની રેલમરેલા ચાલશે તેવી મશ્કરી કામ લાગશે.

ક૦—હું તો તમારા કુડ કપટમાં કાંઇ ના સમજું.

સું૦—(છબીલાઇ) ઠીક મારી બહેન આ મનનો માનીતો સમજદાર આવી સમજાવશે ને કુડ કપટ પણ શીખવશે.

ક૦—અલી ઓ તમે તો મારો કેડો લ્યો છે.

ચ૦—છતાં એ ખુલ્લે ખુલ્લું ક્યાં કહો છો, આજે આ નવિન ફેરફાર શાનો.

ક૦—લ્યો બાઈ કહી દઉં આજનો ફેરફાર પ્રીતમને મોકલેલી ભેટનો આદર સત્કાર થશે તેનો કાંઈ કાંઇક, બે શબ્દો કહાવશે તેનો પણ ચપળા હજુ કેસર કેમ ના આવી છે છોકરી વાતોડીયન.

ચ૦—આવતી હશે, આમ બધી રીતે ઉતાવળી શું થાય છે, એ ઘડી મોડી કે વહેલી આય આય તેં તો હદ કરી પરણ્યા નથી પણુ જાને ગયા હઇશું તારા જેવું તો કોઇએ ના દીઠું.

કુ૦—ના? ના? પણુ કેસર હજુ સુધી ત્યાં શું કરતી હશે મુને તો બીક લાગે છે કે તેમની વાતો સાંભળી તેની ડાગળી છટકી જશે.

(ઘુઘરાના અવાજ થાય છે.)

ચ૦—લે બા લે આ કેસર આવી હવે પેટ ભરીને સંદેશો સાંભળ.

(કેસરને ઉદાસ જોઈ)

કુ૦—કેમ કેસર ઉદાસ દેખાય છે? પોતે છે તો આરોગ્યને?

કે૦—બા સાહેબ શું કહું પણુ—

કુ૦—તારૂં પણુ રહેવા દે જલદી બોલ મારૂં મન અધીરાઇથી ઉશ્કેરાયું છે. તારા મોહ ઉપરથી માઠા સમાચાર વાંચી કાળજુ કપાય છે બીજુ કહેને ભેટ સ્વીકારી.

કે૦—કહેતા જીભ ઉપડતી નથી પણુ લાચાર ભેટોનો તીરસ્કાર કર્યો ફરી પગ ના મુકવાનો હુકમ કર્યો. વિનંતી કરી હારી પણુ ના વળ્યું ઉલટી મને મારી સ્ત્રી જાતી તરફ ધીક્કાર બતાવ્યો આ-જથી સંદેશો તૂટ્યાનો સંબંધ કહાવ્યો બુરા ખબર લાવવાના મારા કપાળે આવ્યા છે સૂર્યસંહ ગાંડા થયા છે, આખો દિવસ માર ફોડ ગાળો અને કલેશોમાં કાઢે છે ફક્ત એકલા વિનોદ-રાયનું માને છે.

કુ૦—હાય) હું બઇ લૂંટાઈ, ભરદરીએ અધવચ ફસઇ. (બે ભાન થાય છે) દાસી શુદ્ધિમાં લાવે છે.

ચ૦—બહેન આટલામાં શું મન હારી જાય છે વિનોદરાયે કંઈ કહ્યું.

કે૦—એકવાર ફરી મળવા ફરમાવ્યું

ક૦—ચપળા બહેન ચપળા ? આશાઓ નિરાશાઓ નીચે દબાઈ ગઈ નસીબ ફરી વળ્યું. દુ;ખના ડુંગરમાં દવ લાગ્યો. સર્વ દેવો સામટા રૂઠયા. મારા કયા જન્મના પાપ પ્રગટયા કહે હવે હું કેમ કરૂં.

ચ૦—જરા ધીરજ ધર.

ગાયન ૬ ઠું.

ચ૦—અકળા ના, આ ગોટાળાનું ખરૂં કારણ સૂર્યસિંહજીની માનસિક વ્યાધિ છે માટે જરા હોંશિઆરથી હું પોતે તેમની પાસે જઈ મનાવી લાવું છું.

ક૦—કદાચ તું ના ફાવી તો.

ચ૦—તેથી હું કાંઈ પાછી પડવાની નથી વિનોદરાયે જઈશ ને છેવટે આપણા બગીચામાં સૂર્યસિંહજી તારી સાથે મેલાપ કરે તેવો બંદોબસ્ત કરવા વિનવીશ એટલે પ્રેમી પક્ષીઓ પાછા નજરો થતાં પાછાં એકનાં એકજ.

ક૦—આટલું કરી લાવે તો હું તારી જન્મભર ઓશીંગણુ થાઈશ. તારા પગ પુજીશ, કહીશ તો પ્રાણ અર્પીશ.

ચ૦—લાવ જરા ટહુકો કરી વાત વિસારે નાખું (ચાહન) પણ કેમ રીતે પૂજશે ?

ગાયન ૭ મું.

ક૦—હવે હું પણ લંપટરાયને ચીરી મુખાનો ઘાટ ઘડું, આખો દહાડો મુને હેરાન કરે છે તો પૈસા પડાવી સૂર્યસિંહજીના વખતેજ બોલાવી ચકમક કરાવી તેની ખોડ ભુલાવું ? ચાલાકી તે આનું નામ (જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ વિનોદનું ઘર.

કસ્તુરી—આવા કુદકે ને ભુસકે વધતા સુધરતા જમાનાના માટીડાઓ બઇરીને ઘરની નોકર સમજી આખો દિવસ ગાંધી રાખતા સરખાતા જનથી તેમ તેમ નરો તો બઇરીને તો ગુલામ બોજો ઉપાડવાનું ખચ્ચર? લેડીઓ કરતાં પુરૂષોને હક વધતો સાનો હોય મરદો કમાય છે લેડીઓ મેનેજી કરે છે. લેડીઓ જને છે તો પુરૂષો પોષે છે શા માટે પુરૂષો કરતાં પુરૂષોના ઘરની આસનાવોમાં ફરવા ના જાય? કાંઈ આપુને દબરાવે? એજ્યુકેશનલ છે પણ એડીકેટ સમજતા નથી તેની આ બધી મોહકાન છે તેની આપુને પરણતાંજ કલીયર અન્ડરસ્ટેન્ડીંગ કીધી છે. કલીન્લીનેસ, પન્ક્યુએલીટી પેલી જોસે મારી મેનેજીમાં હાથ નહિ નખાશે. આવી સરતો થાય ત્યારેજ મુઆ મરદોનો તોર તોર ઉતરે (ઘડીઆળ જોઇ) હજુ કાંઈ મી. વિનોદ આવ્યા નહિ લાવ બોયને પુછી જોઉં તો? (ઘાંટો પાડી) બોય, બોય?

શી૦—(અંગ્રેજી પોશાકમાં સલામ કરતો) મેમ સાબ.

ક૦—હાં હવે કેવો મજેનો દીસે છે. શીખવાડલા અંગ્રેજી શબ્દો પણુ યાદ રાખે વિનોદને આવવાનો વખત થયો કે?

શી૦—યસ મેમ સાબ ચાર વાગ્યાનું કહ્યું હતું પા કલાક વધારે થઇ ગયો.

ક૦—ચુપ તે મ્હેં તને પુછ્યું તું? ના યે યુ ગધેરા. કહે તેટલુંજ બોલીએ તેનું નામ એટીકેટ.

શી૦—(શીવો. ગભરાઇ જતાં) હાયરે ઓટ કોટે તો મારો આટો કાઢયો. મારા મા બાપ શું હવેથી બોલાવે તો ગધેડાની માફક બોલતા આવવું પડશે ? નહી નહી આ રહી તમારી નોકરી. (આહન) મેન સાબ.

ક૦—ગેટઆરે હાસ મને સમજાવવાની ફુરસદ નથી. (જાય ને)

વિ૦—(સ્વગત) ચાલો માન માન ઘર સુધી તો આવી પહોંચ્યા. હવે આ કસ્તુરીની આંટી છુટીની કસ્તુરી છુટીએ. (ચાહન) (ખોંખારે)

ક૦—અહો ડીઅર આજ આમ લેટ ક્યાં કીધું ?

વિ૦—(ગભરાઇ) દીઅર તો તારો હોય ને હું તો તારો ધણી તારા બાપનો જમાઇ.

ક૦—આમ ચીડાવ છો શાના ડીઅર એટલે વ્હાલા. આજ એટીકેટ.

વિ૦—હેં શું તારે હું વ્હાલો ! અહા ખરો; જાતે પોતે પણ ખરો? વળી મારો બાપ પણ ખરો ? હવે હું સાફ કહી દઉં છે કે અંગ્રેજીનો હું કક્કોએ જાણતો નથી માટે સીધુ સપાટ બોલો. નહી તો પછી બીજાસ હાથમાં નહી રહે.

ક૦—વારૂ ડીઅર વિનોદ.

વિ૦—(ચમકીને) હોયર આશી રામાયણવાળી ? ઓ મારા દાદા તે મારૂં નામ લીધું ? હવે મારો આવરદા ઓછો થશે. હું જલદી મરી જઇશ તો તું શું કરીશરે ? (રડે છે)

ક૦—આમ રડો છો કો ? ધણીનું નામ લેવું તેબી સુધારાની એટીકેટ છે.

વિ૦—એમ કે ? ત્યારે કાંઇ ફીકર નહી. મારી બચુડી. પણ હે અલી?

ક૦—બીકવાએટ હું તમને ઓરડર કરૂં છું કે ફ્યુચરમાં નેવરસ અલી.

વિ૦—જો જો વળી પાછી ગાળો દીધી.

કું૦—આટલામાંજ વળીશુ નારાજ થાઓ છ ? હું કે કઉચ્છેટ ભવિષ્યમાં અશ્રી કહેતા ના.

વિ૦—ઠીક અલી ત્યારે (બાજુપર) પાછા મોકલુવાળા. ગર્જના તો એવી કરશે કે રાંડ કલકત્તાની કાલી.

કું૦—અગેન આધસે નાઉ બેગ પાર્ડન યુ. ઢેમ ?

વિ૦પાછું શું બકી ?

કું૦—હું કઉચ્છ કે અલી બોલ્યા મારે માફી માગો.

વિ૦—ત્યારે શું બાઇડીની માફી માગવી. પણ તમારી આંટી છુટી.

કું૦—યસ યસ ગોઓન.

વિ૦—નોનો મમગોઓનની બેટી. ભાઇ સાહેબ બાઇડીની માફી તે કાંઇ મંગાવ ?

કું૦—ઇઝ ઇટ ઓલરાઇટ ! માફી માગતા નથી મારે હું મારા બાપને ઘેર જાઉં છ આપુનાથી આતું ઇનસલ્ટ નહી ખમાશે.

વિ૦—ત્યારે શું ધણીથી માફી મંગાશે ?

કું૦—બાય ઓલ મીન્સ. (જવા માંગે છે ?)

વિ૦—રાંડની મીઠડી સત્યાનાશની પાટી. રાંડ તો ચાલી. ચાલને જીવડા માફ માગ. કોણ જુએ છે ? વીશ હજાર પર પાણી ફરી વળશે. (જરા ઉભી તો રહે) (માથુ ખંજવારનો) પણ આ બધા જોશે તેનું ?

કું૦—તેમાં શરમાવાનું શાનું ?

વિ૦—જો જો ભાઇઓ, તારે મારે તને શું કહેવું !

કું૦—તે પછી વાત.

વિ૦—ડાકણ દાઝતો એવી ચઢે છે કે મારૂં શાત. પણ શ ખણી ઝટ

કહી દે કે માફી કેમ માગું?

ક૦—માથુ નીચુ નામી કહે છે કે "પારડનમી"

વિ૦—હાય હાય બાયડીએ ભુંડી. બાઇ સાહેબ. માફી માગું ત્યાં સુધી જરાએક એક આંખ મીચી દેજો. (ચાહન) પારદમડી.

ક૦—મેની થેંક્સ આઇ પાર્ડન આતો એટીકેટ હવેથી મુને મીસીસ વિનોદ કહીને બોલવજો. સમજીયા?

વિ૦—(સ્વગત) એક તો કાસદ પત્યું (ધાંટો પાડી) શીવા ઓ શીવા. (પ્રવેશ કરતાં સલામ કરે છે ને ઝુકતો આવે છે.) અલ્યા તું એ જંગલો થઇ કયારનો ઝૂકતાં શીખ્યો?

શી૦—મેમસાબની એટકેટ શીખી કેહેવું કીજીએ.

વિ૦—વ્હારે તારી આંટી ઘુટી. (ચાહન) જાય રાંડના શંખ બાર્થી ચા લાવ.

શી૦—મેમસાબનો હુકમ લાવો એટકેટથી વાત કરો.

વિ૦—ખરે દીકરા દલણાં વાહીના, આંટી ઘુટીના મામા (કાને ચીમટો ખણે છે) પગાર તારો બાપ હું આપું છું કે તારી મેમસાબ રોકડા રણકાવે છે?

ક૦—માઇ ડીઅર વિનોદ ખોતી રીતે એક સાઇનપર બોયને બોલાની ડીસીપ્લીન કરવા માંગો છો! નોકર મારોજ ગણાય છે મને પુછ્યા વગર જઇ શકે નહી સમજીઆ? (પીઠ ઠોકે છે.) બેવ બોય. સાહેબને માટે ચાને મારે માટે કોકોનું કપ લાવ.

વિ૦—એ સખુર હું પણ તેં કહ્યું તેજ પીશ મારી નખરાળી નાર.

શી૦—ઓલરાઇટ. વેરીવેલ મહેનત સેઇવ.

વિ૦—એો વેવલીના વેલણીઆ કયા તારા બાપે શેવ માગી? (જાયછે)

ક૦—ખરેખર (હસીને) તમારૂં બેન ઇડીઅટ છે.

વિ૦—આવની બે નડીઆદની કઇ નવી આંટી ઘુટી નીકળી ?

કુ૦—નોનસન્સ બીલકુલ સમજતા નથી. હું કેઉંછ કે તમારા ભેજામાં ભુસુ ભર્યું છે.

વિ૦—અરેરે એ તો મારા બાપે છપ્પનીઆના દુકાળમાં કામ લાગે તેથીજ ભરી રાખ્યું છે પણ ખપ ના પડયો તેથી સાચવી રાખ્યું છે. (ચા આવે છે ને પીએ છે.

કુ૦—ઓ ઓયરે મરી ગઇરે.

વિ૦—એ મારી લાડકી તને શું થયું રે? મરેલું માણસ બોલે નહીરે. આએ આંટીઘુટી.

કુ૦—મારો બુટ ઘણોજ તંગ પડે છે જરા બટન ઢીલું કરી દોને.

વિ૦—તારો બુટ હું છોડું ? આ કયા ગામની આંટી ઘુટી ?

કુ૦—યસ યસ લેડીઝને રીસપેકટ આપતાં શીખવવાની આ એટીકેટ.

વિ૦—ગભરાતા ના માથાના મુગટ વિશ હજારના ચામડાની નોટ. ચાલ બચ્ચા વિનોદ ચીસ પાડોની નવી આંટી ઘુટી શીખ. મારા મહેરબાન જરા માથું નીચું કરો બટન કાઢી લઉ (બટન કાઢે છે.)

કુ૦—જેન્કસ મેની થેન્કસ જરા ઓબ્લીગેશનમાં વધારો કરો.

વિ૦—આંબલી ગુબલીની આંટી ઘુટી કાંઇ ના જાણીએ.

કુ૦—નહી ડીઅર થોસે ઉપકાર વધારવા ઠીક છે કે આજ મારે પબ્લીક ગેધરીંગમાં જાઉ છું તેથી આએ બુટ પર કચરો પ-રીઓ છે તે જરા સાફ કરજો. આએબી એટીકટ છે.

વિ૦—વાહરેવાહ ? ઠીક બુટ પોલીસનો ધંધો શીખવે છે. આંતે રાડ કયાંની આંટી ઘુંટી.

કુ૦—નોટ ઓકયુપેશન.

વિ—પાછી કુતરાની પુછડી વાંકી.

કુ૦—માફ કરો ડીઅર કહુંછ કે ધંધો નહી પણ મારા પ્યારની ખાતર જાહેરમાં તમારા માનની ખાતર જરા જલ્દી કરો મોડું થશે તો પછાડી પડી જઇશ.

વિ—એમ પ્યારને માટે તો મારી આંખોના પાટા જેવી વ્હાલી તારાપર જાઉં વારી. બંદા તૈયાર બાઇ સાહેબ છેલ્લી વખત આ બાયડીના ગળાના સમ છેવટનોજ આંખે હાથ દો સ્વાસને રોકો. હું જરા બુટ સાફ કરૂં. (નીચો વલતાં) (ઉઠી) મારા મહેરબાન મારાપર દયા કરી કોઇને કહેશો ના. (તે રૂમાલ તેના મોં પર લુસે છે) સાંજના શાક લાવવા કામ લાગશે. વારૂ મિસીસ વિનોદરાય હવે આંટી ખુંટીથી કામ લઉં છું ને!

કુ૦—ચાલો જલદી બોલો શું છે?

વિ૦—તમારા બાપની ભવાઇનો નાચ સૌ જોશે. પણ મને તો રીઅલસર કરી દેખાડો. થોડા રૂપીઆ તો વસુલ કરાવો.

કુ૦—વેરીવેલ તમે પેલું સોંગ ગાઓ અને મારી સાથે જોડાઓતો.

વિ—અરે તારી સાથે તો પરણ્યો તારથી મેડાયો છું.

કુ૦—નોટ ધેટ આઇસે ઇફ ટુ બી માય પાર્ટનર.

વિ૦—હાં હાં સમજ્યો તારા બાપનું કપાળ ચાલો મડમ સાબ.

(જાયછે)

ગાયન ૯ મું.

પ્રવેશ ૫ મો.

(સ્થળ દરબાર) નેપથ્યમાંથી મહારાજા ધીરાજ જાલમસિંહને ઘણી ખમા નીઘારખીએ મહેરબાન.

(પ્રવેશ ચોપદાર સહીત)

દરબારીઓ૦—આયત.

કંચનીઓ૦—નાચ.

જા૦—પ્રધાનજી અને દરબારીઓ સૌને વિદિત છે કે આજનો દરબાર સરહદપરની જીતની ખૂશાલીમાં ભરાવામાં આવ્યો છે. શૂરાશૂરવીરોની આજ કદર બુઝાવાની છે તો આજના દરબારમાં સૂર્યસિંહજી કેમ જણાતા નથી? જાવો માણસ મોકલી જલદી બોલાવો?

પ્ર૦—જેવી મહારાજની આગ્ના (બોલાવે છે.)

જા૦—પ્રધાનજી ખરેખર જેમ બકરાના ટોળામાં એકજ વાઘ પેસી જેમ ત્રાસ વરતાવે તેમ દુશ્મનોના દરમાં હરામ ખોરોને લાયક શિક્ષા કરી સૂર્યસિંહજીએ ઘણીજ બહાદુરી બતાવી છે.

પ્ર૦—સિંહના પુત્ર સિહજ હોય? મહારાજ?

સે૦—ક્યાં તેમના પિતા ઓછા હતા.

જા૦—તેતો અંતરના બહુજ પોચા હતા.

(ને પથમાંથી) સરદાર સૂર્યસિંહની સલામપે નિઘારખીએ મહેરબાન.

પ્ર૦—મહારાજ સૂર્યસિંહજી આવી પહોંચ્યા.

(વિનોદ સહીત સૂર્યનો પ્રવેશ.)

જા૦—આજે કેમ વાર લગાડી.

સૂ૦—જાણી બુઝી મારી દુશ્મનોએ તબીયત બીગાડી.

(અજબ થઈ)

સે૦—જોયું કેટલો અભીમાન.

પ્ર૦—સલામનું પણ ક્યાં છે ભાન.

જા૦—(સ્વગત) આજે સલામ પણ નહિ કદાચ વાતમાં ભૂલ્યો હશે?

વિ૦—(ચુપ ચુપ) સૂર્યસિંહજી વખત વિચારને જો શબ્દ ઉચ્ચારીયે

(સૂર્ય ચૂપ રહેવા કહે છે.)

સૂ—જોયું જશે.

દ૦—હજી એ ક્યાં છે ધ્યાન.

ર—ચોકખો હેવાન.

પ્ર૦—(સૂર્યસિંહજી) સરદાર વિવેકનું કાંઇ ભાન રાખો.

સૂ૦—વિવેકથી પૂરછું પણ ખૂશામતથી દૂર છું તેના મીઠા ફળ તમે ચાખો ? દોડોને દુશ્મ ને કાપી નાખો સુનારાઓ જાગો ભાગો.

સે૦—મહારાજને નમન તે શું ખુશામત ?

સૂ૦—અલબત.

દ૦—બીલકુલ ગલત.

સૂ૦—ખુશામતની ગુણ લીધી નર છતાં ક્યાં ખર ઠર્યો ?

પ્ર૦—અપમાન કરવા રાજ્યનું, સરદાર શી હીંમત ધરો ?

સૂ૦—અપમાન ? અપમાન હું કરતો નથી, આ રાજ્ય માટે માન છે. મુજ જન્મ ભૂમીકાજ વહાલો, પ્રાણ પણ કુરબાન છે.

વિ૦—મહારાજ સરદારના મનપર લડાઇની અસર રહી ગઇ છે તેથી આજ તેમની મતિ વિફરાઇ ગઇ છે. નહિ તો. પહેલા સલામની નાં ને પાછળથી પ્રાણ અર્પણની હા ? તેવા ઢંગ ધડા વગરના બોલ ?

પ્ર૦—પણ નમન તો કરવુંજ જોઇએ !

સૂ૦—નમન ? નમન નમનમાં ફેર છે એક નમે નાદાન. દગાબાજ બમણો નમે. જે ચિત્તો ચોર કબાન દુશ્મનોની દયા ખાઇને નમન કરવું તે બાયલાઓનું કામ છે. દોડો વફાદારી બતાવો ?

વિ૦—મહારાજ, વાદ વિવાહ જવાદો ને દરબારનું કામ થવા દો. (કાનમાં કહે છે)

જા૦—વિનોદ સૂર્યની વફાદારી સારી પેઠે જાણું છું, તેથી તારી વાત સાચી માનું છું. (સ્વગત) અરેરે? જેના દીલમાં આજ આનંદ ઉભરાવો જોઇએ તેજ આજ તકરારી બને! મારો શૂરો સરકાર દિવાનો? (ચાહત) પ્રધાનજી વિવાદ બંધ કરો પોશાકનું કામ હાથ ધરો. (પોશાક) રજા કરે છે. સૂર્યસિંહ શાંત થાઓ હું તમને સરહદપરની જીતને માટે મુબારક બાદી આપું છું અને આજથી રાજ્યના મુખ્ય પટાવત સ્થાપુ છું. લ્યો આ પોષાક.

સૂ૦—(પોશાક સામુ જોઇ) પોશાક? વૈર ઝેરથી ઝળકી રહેતો ઝભ્ભો. આવા પોશાકમાં લાગો આગ) (ફેંકે છે)

સે૦—આ કેવું હડહડતું અપમાન મહારાજનો હુકમ હોય તો કરૂં બે જાન.

જા૦—વિનોદ, વિનોદ, રાજ્ય સાથે આવી નાદાની?

સૂ૦—રાજ્ય સાથે નાદાની તમે કેમ જાણી, મારા રાજ્ય માટે પુરતુ માન છે બસ લાલચુ દુનીઆના વૈભવીઓ દયાથી દૂર નીચ કૃત્યોથી ક્રૂર અને દગાથી દરામણા તેવા દુશ્મનોને માટે અભીમાન છે.

વિ૦—સરદારની નાદાની? સરકારની ધ્યાનમાં આવી (કાનમાં) ગાંડપણુની શરૂઆત બતાવે છે.

(બાજુપર) અચ્છા વખત આવે તારોજ ઘાટ ઘડવાનો છે.

જા૦—સૂર્યસિંહ અર્થ વગરના તમારા બોલવાથી મારૂં મન પ્રીક્ષીણ થાય છે, વ્યર્થ તકરાર શા માટે કરો છો?

સૂ૦—દરબાર એજ તકરારનું સબળ કારણ છે દુનીઆમાં કોને કોની દરકાર છે.

જા૦—ખુદ મારૂ પણ અપમાન? (ઉશ્કેરાઇ ઉતરી)

સે૦—અભિમાન! હેવાનોને હોતીજ નથી સાન મહારાજ!

સૂ૦—હેવાન થવાય તોજ દુશ્મનોના જાન લેવાય.

પ્ર૦—કાપે છે ઉદ્ધત સુર્ય તું. બેસવાની ડાળને.,

સૂ૦—દુષ્ટો હમેશાં પાથરે છે વૈભવોની જાળને.

સે૦—પટાવતની મુખ્ય પદવી. દુષ્ટતા શું તે ધણી ઝપા-
હીરનો મુખ્ય હીરો પ્રાણ લે તેની કણી.

દ૦—પોશાકને ઘાતક ધણી, જાણીશું વહેમી થાય છે.
દુષ્મનથી જે ચેતે નહિ તે મરણ ભેગા થાય છે.

વિ૦—દુષ્મનો તો હાંકીયા, કીર્તિ વધી છે આપના ગુપ્ત વેશે છે છૂપાયો, શાંત થાઉ તેને હણી.

દ૦—(મહારાજ) વાતથી સમજાય છે સૂર્યસિંહ ગાંડા થયા ડાઘ-
મનમાં રહી ગયો કે દુષ્ટ તો ફાવી ગયા.

પ્ર૦—દુષ્મન તમારો કોણ છે, બતાવશો હમને જરી.
મારી આંખો લઇ જુઓ. પુછવાની શું મહેનત કરી.

જા૦—નામ નિશાની કહે તું. જેની મનપર છાપ છે.
છબકી ઉઠી જાગીઓ કે—અભીમાની નામ છે.

દ૦—(સર્વ) હુંહંહ આતો બધું સ્વપ્ન જુવે છે.

વિ૦—મહારાજ ઊંઘમાં સરદાર બીન્યા લાગે છે (બાજુપર)
તમારા મોતના ચોઘડીયા વાગે છે.

જા૦—(પંપાળીને) સરદાર શાણા તું સમજ, સૌ સ્વપ્ન કેરો ખ્યાલ એ
કરવી સજાતે નાગને—બસ એજ હૈડે જ્વાળ છે.

મેળવી ચુક્યોછુ પતો, સેજમાં બંધન કરીશ.
તેનાદરમાં કાપીને હું ખુનનો પ્યાલો ભરીશ?

દરબારીતથી વિનોદ—અમારી તો ખાત્રી થાય છે કે ઘેલો બન્યો છે માટે સમજાવી વચેથી વિરૂદ્ધતા ના બતાવો, વધૂ ના બોલાવો.

સૂ૦—માનવી દેખી છટકવું એ નાગનો સ્વભાવ છે,
તેમાં તે ગુન્હો શું થયો કે વૈર લેવા ચહાય છે;
વેશ પલટી નર બન્યો ચુસ્વચ્છ રૈયાપર ધર્યો,
તે લોભી કાળો નાગ ઉંઘમાં બાગમાં છૂપો ડસ્યો.
(મોહપર ગભરાટના ચિન્હ જોઇ) હા ? ચોકસ ગુન્હેગાર છે.

જા૦—(ચમકી ઊઠી) હેં શું ? બાપના ખુનથી વાકેફ બની મારાજપર વૈર લેવા તલપી રહ્યો છે. વિષ, દશ વર્ષે પણ છેવટે સમુદ્ર ખળભળી ઊઠયો ? જુની દટાએલી વાત પણ આખરે બહાર આવી અફસોસ રાણી સીવાય કોઈપણ જાણતું નથી માટે હાલ તુરત તો દીવાનો ગણી કાઢું કાવા દાવાથી કામ કાઢી લઉં જો હવે અત્યારે તેની બરાબર ચાલ ચલાઉં છું તો દરબારમાં બે આબરૂ થાઉં છું ઠીક (ગુસ્સો કરી) વિદાય કરૂ પછી જોઈ લેવાશે. વિનોદ? સૂર્યને એકદમ અહીંથી લઈ જા દરબારમાં ગાંડાઓની હાજરી નકામી છે.

સૂ૦—ડાહ્યાના ડોળમાં પારકુ પચાવી પડનાર હરામી છે.

જા૦—બહુ બકવાદ ના કર.

સૂ૦—શૌર્યતા હમેશા નીડર છે.

જા૦—સૂર્યસિંહ મૂર્ખ જો તારી માનસીક સ્થિતિ સારી હોત તો આજની વર્તણુકથી તું સજાવાર છે. દરબારના અપમાન માટે તું ગુન્હેગાર છે.

વિ૦—બાપુ જરા શાંત થાઓ. ચાલો ઘેર જઇ આરામ કરો.

સૂ૦—આરામ ? દુસ્મનોની સ્વારી આવતા હણાઈ ગયો છે. વખત પૂરો થયો છે. માટે ચેતવું હોય તે ચેતો, બીહકણો બીને ભરાઈ જાઓ.

સે૦—પ્રભુ આપનો હુકમ હોય તો બાંધીને બહાર કાઢું.

સૂ૦—નિમકહરામો ખાધેલા અનનું સાર્થક કરો, કૃતઘ્ની ના ઠરો દોડો દુસ્મનોને બાંધો પાપીને સંહારો.

વિ૦—મારી એક વિનંતી સાંભળો.

સૂ૦—વિનંતીને હાલ વિસારી દોને ખુનનો બદલો ખુનથી માગો.

પ્ર૦—પણ ? તમે કોની પાસે માગો છો.

સૂ૦—આ અવનીપરના દેવનારૂપમાં દૈત્ય પાસે પ્રજાની વતી રાજા પાસે સર્વની પાસે,

જા૦—સૂર્યસિંહ હવે તારૂ આવી બન્યું છે બોલતા પહેલા વિચાર.

સૂ૦—સંભાળવાનું છટકી જનારાઓને છે હું તો લોહી પીવા માગુ છું તલવારથી તલવાર મેળવી લહેણું વસુલ કરવાજ આવ્યો છું.

પ્ર૦—આ તમે મારાજની સાથે બોલો છો ?

સૂ૦—મહારાજ હોકે રાજાહો દુનીઆ એક દીવસ સૌને ભુલવાની છે.

જા૦—ચૂપ રહે ચંડાળ.

સૂ૦—હા. હુંજ વિકાળ કાળ, પાપીઓને પાર કરનાર ચંડાળ જરૂર કરીશ બેજાન

પ્ર૦—દીવાના સાથે કેવી તકરાર.

જા૦—મારે નથી તેની તકરાર થા તૈયાર (તલવાર ખેંચી)

સૂ૦—હોંશિયાર (તલવાર ખેંચી)

રાજ૦—(વચમાં ઉભો રહી) હાં ? હાં ! મહારાજ તલવાર મ્યાન કરો સામા સૂર્યસિંહજી છે. કાંઇ ધ્યાન ધરો, સહસા પગલું ના ભરો. પૂરો પડદો પડે છે.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—રાણીનો ઓરડો.

કુ૦—આજનો ઉમંગ તો ઉરમાં એ સમાતો નથી, મારા મનનો માલીક ભર દરબારમાં ભભકાથી દીપી મારા પુત્ર સૂર્યસિંહજીની જાહેરમાં આબરૂ વધારશે. ખરેખર દુધમાં સાકળ ભળશે. લાકડીઓ મારી છૂટા થએલા પ્રાણીઓ પાછા એકઠા અરેરે પણ પાછા આમ કેમ માન સુકન થાય છે. જમણું અંગ ફરકે છે. સવારમાં ઉઠી સાવરણી જોઇ. સામી બીલાડી આડે ઉતરી ? દરબારનો વખત પૂરો થઇ ગયો પણ કેમ હજુ ના આવ્યા. કાંઇ માઠું થયું હશે ? તેમને માટે પુત્રનો હક્ક ડુબાવ્યો મરહુમ પતિને પાતાળે પહોંચાડયો તેમાં એ વરજેલા બળ્યું મારૂં મન કેવું અધીરૂં થાય છે. કે મહારાજ એક મિનિટ પણ છૂટા પડે તો ખમાતું નથી વરસોના વરસો થયા પણ ધરાતી નથી મારૂં દુઃખ કોને કહું.

ગાયન ૧૨.

અલી દાસી મારાજને આવતા કેટલીવાર છે. (તે પધમાંથી નેકી) આવ્યા મનહર માનીતા પધાર્યા આયુષ્ય તો ઘણુંજ લાંબુ છે (રાજા પ્રવેશ કરે છે) પધારો મહારાજ આજે કેમ ગુસ્સે જણાઓ છો.

જા૦—પ્યારી જુલ્લમ થયો ભેદ ભરમનો પડદો ખુલ્લી ગયો સૂર્ય-સિંહે દરબારમાં તોછડાઈ વાપરી મારૂ અને આખા રાજ્યનું અપમાન કર્યું: દરબારીઓ માને છે કે તે ગાંડો થયો છે. પણ મને વહેમ છે કે બાપના ખૂનનું વૈર લેવા ખૂની બન્યો છે, રાણી જો તારી સરમ વચમાં ના નડતી હોત તો તેને સુઠનો સ્વાદ ચખાડત.

દુ૦—વહાલા? ધિરા પડો માફણપર તે આટલો જુસો શિયાળ ઉપર તે ક્રોધ થાય એ તો નાદાન બચ્ચું છે પણ કહો તો ખરા કે જાણી બુઝીને તેણે તોછડાઈ શી કીધી.

જા૦—મારૂં માનવું છે કે તેણે બગીચાના કાળા નાગની મને ઉપમા આપી.

દુ૦—એટલે બધું ! પણ છૂપો વિનોદ શું કહે છે ?

જા૦—મુને તે ફુટયો લાગે છે, રાણી મારૂં માન ને તે ઉગતા છોડને છેદ પીદે નહિ તો આગળ જતાં પસ્તાવું પડશે, કરેલી મહેનત છૂટી પડશે.

દુ૦—સબુરી પકડો. સહસા કામ કરવા તત્પર ના થાઓ ખુલ્લી રીતે તેના ઉપર હાથ કરવા જતાં પ્રજા અને લસ્કર વહેંચાઇ જશે. અને આપણી ફજેતી થશે. માટે એક વખતે મને તેને બોલાવી સમજાવા દો.

જા૦—ત્યારે એમજ કહો કે તે પુત્ર વાત્સ્યથી વેરીની દયા ખાઓ છો.

દુ૦—એકદમ તો નહિજ, છતાં સહેજ તો ખરૂંજતો (રાજા અ-જબ થાય છે) છોરૂં કછોરૂં થાય કાંઇ માવીતરથી થવાય? ગમે તો તે બાળક મારા લોહી માંસની માટી. કુખનું ઉછ-

રેલ છે. દેહથી પોશેલ છે. તો જ્યારે જનાવરોને પણ માત્ વાત્સાય હોય છે તો મુને હોય તેમાં નવાઇ શી ? છતાં પણ ખાત્રીથી કહુંછું કે તે પ્રેમ આપ ઉપર આવતા પ્રેમની સરદારી છે અને હું વિનવીને કહુંછું કે એક વખત મને અજમાશ કરી જોવા દો, મને સમજાવા દો, (પગે પડે છે રડે છે)

જા૦—(સ્વગત) શું પુત્રને શુરવીર જોઈ મારાથી બન્ને દગો રમતા હશે ? તેમ હોય તો હું ના ફાવું. યુક્તી સર કામ કાઢું (ચાહન) ઠીક જેવી તમારી મરજી (દાસી પ્રવેશ કરે છે)

દા૦—બહુજ દયા કરી.

દા૦—ભોજનનો થાય તૈયાર છે.

દુ૦—ચાલો મારા વહાલા બહુજ શ્રમ પડયો હશે. વિશ્રાંતી કરો.

દા૦—મહારાજ પ્રધાનજી મળવા આવે છે.

જા૦—જા સત્વર પ્રવેશ કરાવ (રાણીને) મારે દરબારી ખાનગી મંસલત કરવી છે માટે અંદરના ભાગમાં જાઓ હુ કામ આટોપી તમારી પાછળજ આવું છું. (રાણી જાય છે) અરે જેણે પરણેલાને ભુ પાતો કર્યો તેનો શો વિશ્વાસમાટે પ્રધાનને સમજાવી તેમની ખાનગી વાત સાંભળવા કહું (પ્રધાન પ્રવેશ કરેછે.)

પ્ર૦—મહારાજ શી આજ્ઞા છે સેવકને કેમ યાદ કર્યો હતો !

જા૦—(કાનમાં કહે છે) આ બન્ને કામ તમારે કરવાના છે તે પાર ઉતારોતો ન્યાલ કરી દઉં (શત્રુઘાત વિચાર કરે છે) કેમ વિચારમાં પડયા શું સૂર્યસિંહથી ડર્યા.

પ્ર૦—ના મહારાજ પણ.

જા૦—હા, હા, તે પછીનું કારણ માગું છું. (કાનમાં કહે છે)

પ્ર૦—તો જેવી મહારાજની આજ્ઞા તાબેદાર હાજર છે.

જા૦—ઠીક ફતેહ કરો (તે પથમાંથી નાયકા પ્રવેશ કરે છે)
પ્ર૦—આજની ખુશાલીમાં નાચ થવા દો.
ના૦—જેવી મહારાજની આજ્ઞા.

(સર્વે જાય છે.)

ગાયન ૧૩.

પ્રવેશ ૭ મો.

સ્થળ—ગુફા.

ફુ૦—અફસોસ ? મૃગલી હાથમાંથી છટકી ગઇ. આ બહાદુર સરદાર શુ નાહિંમત થશે ? (વિચાર કરી) નહિ. કદાપી સરદારની અંદર પ્રાણ હશે ત્યાં સુધી તેને મુકવો નહિ પકડયા શિવાય શાંત નહિજ થાય. ભલે સરીતાના નીર સમુદ્રમાં ના મળતાં રણમાં અદ્રષ્ય થઇ જાય. વરસાદથી તરબોળ થએલી સર્વ વનસ્પતિઓ સુકાઇ જાય. આકાશ પાતાળ એક થાય. પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં ઉગે પણ આ શૂરો સરદાર નાહીમત થનાર નથી તે નથીજ. શું ? તે પછી તો તે ઉપાડવામાં હું ફતેહ-મંદ થઇશ ? અલબત થઇશ મારી ધારણા સોએ સો ટકા ખરી. અરે પણ પેલી કોણ આવતી દેખાય છે. (લાવ જરા સંતાવા દે)

(પ્રધાન સૂર્યનો પ્રવેશ)

પ્ર૦—કેમ સૂર્યસિંહજી દરબારમાં ઘણીજ તોછડાઇ વાપરી ?
સૂ૦—પ્રધાનજી મારી મગજશક્તી તે તરફ દોરાઇ.
પ્ર૦—દોરવાનું કારણ.

સૂ૦—કારણ ? કુકર્મો કરી પાછા પૂછવા આવતા સરમાતા નથી નીર્લજ્જે મારા પિતાનું ખુન કરનાર કયાં છે જાલમ.

પ્ર૦—પુછવાનો સબબ.

સૂ૦—ઓ હત્યારા ? મારા બાપનું ખૂન કર્યું ત્યારેજ તારા જીવને શાન્તિ વળી ત્યારેજ તારૂ લોહી નસોમાં વહેવા લાગ્યું. ઓ નામર્દ તારૂ નામ લેતા પણ શરમાઉછું ? શું કરૂં ? હા જો વિનોદે મને ભરમથી દૂર રાખ્યો હોત તો કપાળપર કાળી ટીલી રહી જાત.

પ્ર૦—સરદાર આમ રડોછો કયાં ?

કુ૦—હાસ ભાગ્યશાળીને ઘેર ભુત રળે તે આનું નામ ? (પ્રવેશ કરી) કેમ સાહેબજી.

સૂ૦—કોણ ? કુરસિંહ, નામ પ્રમાણે ગુણવાળો કુરસિંહ ?

કુ૦—હા હું તેજ ? આ સેનાનો સેનાપતિ.

સૂ૦—સેનાધિપતી–વાહરે વાહ સેનાના અધિપતી.

પ્ર૦—(સ્વગત) નક્કી મોતના ઝપાટામાં આવ્યા.

કુ૦—કેમ સૂર્યસિંહજી શો વિચાર કરોછો. આ કોના સ્થાન પર આવ્યાછો તેનું કાંઈ ભાન છે.

સૂ૦—અમારે ડરવાનું શું ? પ્રયોજન અમે તે નામ પ્રમાણેજ ગુણની કદર કરાવીએ છીએ અને નગરોપર શૌર્યની ધ્વજાઓ ફરીકાવીએ છીએ.

કુ૦—આજથી તમે બેઉ મારા કેદી છો મારી સત્તાના ગુલામછો.

સૂ૦—ગુલામ ? નિચા હરામી તારો ગુલામ કે તું અમારો ગુલામ.

પ્ર૦—સાહેબ તે તમારા ગુલામને લાયક છે.

કુ૦—આ કેસરી તમને અહીંથી કાંઇ જવા દેનાર નથી. મારી આંણુ

તજી રાખી તમને કેદી બનાવવાનો મારો વિચાર છે.

પ્ર૦—અમને તારો લેશ માત્ર ડર નથી ? જો આ અમારા સરદાર ને બાળ તારા ઘરબાર.

સૂ૦—ચૂપ ? ઓ ક્રુરસિંહ તુ મને કેદી કરવા માંગે છે કોઇ દિવસ સિંહ શિયાળનો ભોગ થયો જાણ્યો છે ?

પ્ર૦—સરદાર શું જોઇ રહ્યા છો વાપરો શસ્ત્ર ચલાવો તલવાર.

સૂ૦—(આસપાસ જોઇ અજબ થાય છે) આ શો ગજબ.

ક્રુ૦—સૂર્ય તારો કાળ તારી સામે છે.

સૂ૦—તુને યમસદનમાં પહોંચાડનાર તારી પાસે છે. (લડે છે ક્રૂરસિંહ નાસી જાય છે)

પ્રવેશ ૮ મો.

સ્થળ—શયનગૃહ.

કુ૦—નાથ તમારા મુખદર્શનની પ્યાસીને એકવાર બતાવી શાંત કરો ? એકવાર આવો અને આલીંગન ચૂંબી કામદેવને નસાડો ?

ગાયન ૧૪.

નાથ તમારી આશાઓ તો આભમાં બાથ ભીડવા જેવી છે પ્રથમથી વચને બંધાએલા છો તો ક્યાં ભાગવાના છો ? શું ? વચન દઇ ના કહાવોછો ત્યારે આ રંક દાસી તમારા વિના શી રીતે જીવી શકશે દાસીઓ જાઓ મારા કબાટમાંથી કટાર લાવી આપો.

દા૦—કટાર નો ઉપયોગ ? શા કારણે કયા દુઃખે ?

કુ૦—મારા વહાલાએ આ ભવમાં મુને તજી દીધી છે તો આવતા જન્મમાં ભેટવા દાસી જલદી લાવ. (દાસી જાય છે.)

કુ૦—નાથ તમને તજી દઇ આ જીવ ચાલ્યો જશે ? તમને આ

દાસીના છેલ્લા પ્રણામ છે. (હસ્ત સનમુખ જોઇ ઓ માંસ રૂધીરથી તરબોળ થએલા હસ્તો થોડા ક્ષણમાં તમારી ચાલતી દોરી બંધ થઇ જશે ? આ દાગીના કોના કંઠમાં દાખલ થશે ? નાથ તમારા જીવનમાં આ જીવ દાખલ થશે. (દાસી કટાર સહીત પ્રવેશ કરે છે.)

દા૦—લ્યો આ (હાથમાં લઇ)

કુ૦—ઓ વહાલી કટાર આજ સુધી તુ મારા કબાટને દીપાવતી હતી તારા મ્યાનમાં રહી ચકચકતી હતી તો આજ આ દેહમાં ઝંપલાવ એકદમ ઝંપલાવ.

નાથ દાસી તારી આવશે, દીનકે વર્ષ પછી
હાલ તો ભોગી થાઉછું, નવ વિનવું કાંઇ લખી
દુર્જનને દુભવે ઘણો, ડરતો ભિતરના લેશ
પ્રાણ યાહુતી આપીને, ભરતો નિત્યે કલેશ
હસ્ત ઉતાવળ કરી રહ્યા, ઉરે પડવા માંટ
યાહુતી આપુ ઓ ભુંડા તુજ પ્રેમને સાટ
(મારવા જાય છે કે, માનો પ્રવશ)

મા૦—અરે દીકરી આતું શું કરે છે. શા કારણે મરવા ચહાય છે ?

દી૦—માતા મુને મરતા શા કારણે બચાવોછો ? મરવા દો, મારી જીંદગીનો અંત લાવવા દો.

મા૦—દીકરી સંતાપ ટાળી દે ? ચિંતાથી તારી દેહ જોને કેવી થઇ ગઇ છે. તારા શરીર સામુ પણ જોવાતું નથી.

દી૦—મારા તરફ નજર રાખ્યા કરતાં મારા પિતા તરફ લક્ષ આપો કે ત્યાંથી આપને કાંઇ મળી શકે ?

મા૦—દીકરી આ તું શું બોલે છે. મુને સ્વાર્થી જાણે છે.

દી૦—આ દુનીઆમાં બીન સ્વાર્થી કોણ છે. સૌ સૌનો સ્વારથ સાધે છે.

મા૦—ભલે હવે હું જાઊછું. તું કશું તોફાન બોફાન ના કરીશ !
(જાય છે.)

કુ૦—સારૂ માતાજી. માતા પણ સ્વાર્થી, પિતા પણ સ્વાર્થી, રાજાના તેજમાં અંજાઈ જઈ મારા પીતા ઘરડા ઠચરાને પરણાવવા ઉભા થયા. ધીક્કાર છે માબાપોને ? કે ? દીકરીઓને ઊંડા કુવામાં ઉતારતા શરમાતા નથી.

દા૦—બા સાહેબ જરા ઝંપી જાઓ રાત્રી ઘણી ગઈ છે.

કુ૦—બહુજ સારૂ તમે સર્વ ચાલ્યા જાઓ (જાય છે) એ સૂર્યચંદ્ર આ નભમાં ઊગેલા તારકાઓ, તમે સાક્ષી છો કે આ દાસી સૂર્યસિંહ સિવાય બીજા કોઈ પર પ્રિતિ રાખતી નથી. અરે સ્વચ્છ વાદળાઓ મારા નાથની કને મુને લઈ જાઓ, મારૂં સર્વસ્વ ત્યાં છે. આ દેહ અહીં છે પણ જીવ ત્યાં છે. વહાલા આ વનિતા પળ પણ તમને વિસરતી નથી.

ગાયન ૧૫.

સર્વે જાય છે તેવામાં કુરસિંહ આવે છે ઊપાડે છે.

કુ૦—અરે બચાવો આ રંક અબળાને બચાવો (સીપાઈઓ બચાવે છે.)

ટેબલો ડ્રોપસીન.

અંક ૨ જો—પ્રવેશ ૧ લો.

કુ૦—ચપળા તારો સંદેશો આશાના કીરણોનું પ્રતીબીંબ નીરાશાના

આપેલા અંધકારમાં અજવાળું પાડવા પ્રયત્ન કરે છે પણ અધીરાઇનો પવન થતા ઉજાસને ટકવા દેતો નથી. હવે તો એમજ થાય છે કે ક્યારે મનનો માલીક આવી તેની સોંપેલી થાપણનો હવાલો લે. તો શાંડ આંખોએ દરશન કરવા એક પણ મટકુ માર્યા વિના તલપી રહી છે ને આ પગ તો ઉતાવળાજ થાય છે. જીભ પણ વાતચીત કરવા વલખા મારી રહી છે ને હાથનું તો પુછવુંજ શું. ભેટ લેવાને ભડભડી રહ્યા છે અલી અધીરાઇને તીરસ્કાર પણ પ્રેમની કસોટી હશે ? તું ખરૂં કહે છે.

આજ પ્રાણ પધારીને મમ ઉદાસી શું ઘટાડશે
તન બાગ આ ખીલાવવા મારા સખી માલી થશે
ચિંતા અને અધીરાઇ બે પળમાં સદા ઊડી જશે

ચં૦—(હા સખી હા ધૈર્યધર વહાલી સખી આવશે)
આ કુસુકળીને જોઇને ભોગી ભ્રમર પાછા થશે.

કું૦—ચઢતા હું દાદર પ્રેમના પહેલે પગથીએથી પડી
તે સબબસર વિશ્વાસ મુજને આવતો નથી એ જરી

ચં૦—નાહક અધીરી તું થઇ સખી આમ શું અકળાય છે
જોતો ખરી આમાં સખી તુજ કાંતિ શું બદલાય છે.

કું૦—બહેન મશ્કરી કરી શું બતાવે છે મારૂં કપાળ કાંતિ સૂર્યના સમયમાંજ દીપે અને ખુદ સૂર્યજ કાન્તી તરફ બેદરકાર થાય તો કાન્તીને કોણ જુએ ? દાસીઓ પવન નાખવો બંધ કરો તેમાંથી નીકળતી હવા શિતળતાને બદલે ઉષ્ણતા દાખવે છે મને બળતીને વધારે બાળે છે.

ચં૦—બા આ તે શું ? આખો ઘડીએ શાંડ મારો રોટલો ને ઘડતાં ભાગ્યો ? આવી પ્રેમઘેલી તો મેં તનેજ દેખી. લે બગીચામાં

ચાલ ઠંડી સુવાસથી મન શાંત કર.

ક૦—મનની શાન્તતા જગા શોધવાજ ગઇ છે. તેથી દેહ શમશાન જંગલ જેવોજ પડયો છે તેનું ચેતન લાવો અને પછી હવા ખાવા ચાલો.

ચ૦—હા ! હા ? તેજ આ ઉપાય છે. સૂર્યસિંહ તારા દેહના માલીક-ને આ બગીચો તે આ દેહને માલીક માટે રક્ષકનું કામ કરનારો માલીક આવતા સુધી રક્ષકજી ચાલો વ્યવસ્થા તપાસો ને થોડો વખત આનંદમાં કહાડો.

ક૦—(હસીને) ચપળા તારી ચપળાઇથી તો હું થાકી તું તો મને પુતળા માફક નાચ નચાવે છે મનનું ધાર્યુંજ કરે છે (લે બાઇ ચાલ બગીચામાં)

ચ૦—તમને નખરા કરતાં બહુજ આવડે છે.

સું૦—બા સાહેબ ? જુઓ આ દ્રાક્ષ વેલી કેવી શોભી રહી છે. જાણે પતિ પ્રેમમાં તલ્લીન થએલી મદોન્મત હાથણુ કેવી નીચી નમી રહી છે ?

ક૦—દાસી તેના નસીબમાં તે સૂખ લખ્યું છે. તેની તું શું કામ અદેખાઇ કરે છે બીચારી તેથી પણ વધુ સુખ [illegible]વો, અને તેની મધુરતાની મીસ્ટ પ્રસાદી મેળવી તમેરા સંતોષ માનો પણ અલી એથી શું તુંમારો નવલનાથ રીસાયો છે તેની ટકોર કરે છે ? ને આ વેલી બતાવે છે ? પણ મુર્ખી તે તો હવે પ્રૌઢા છે ને હું તો મુગ્ધાછું છોકરી તું તો છેકજ ચઢી ? જા જા (છ-ણુકો કરી) આ દેખાવથી મારૂં માથું ફરે છે.

ચ૦—(વશમાં આવી) હા બા છેક છોકરી ચબાવલી લ્યો ત્યારે આગળ ચાલો. સખી જોને આ ગુલાબના ફુલ કેવા સુંદર

ખીલ્યા છે ? શું સરસ સુગંધ પ્રસારી રહ્યા છે ? કેમ બ્હેન ખરૂંને?

કુ૦—હા ? માલીની મહેનત સફળ થઇ.

ચ૦—ત્યારે સાંભળો ગુલાબના છોડને ઉછેરતાં તેના રક્ષકને પ્રથમ કાંટા વાગ્યા હશે ને તેની દરકાર ના કરી મહેનત ચાલુ રાખી તો રક્ષકના માલીક આપ આજે સુગંધી મેળવવા ભાગ્યશાળી થયા છે તેમ તમે પણ બા સાહેબ આ પ્રેમરૂપી ગુલાબ છોડને ઉછેરતાં વિઘ્નરૂપી કાંટાથી હીંમત નહી હારો તો સૂર્યસિંહજી રૂપી ગુલાબના ફુલની સુગંધી લેવા ભાગ્યશાળી બનશો ! હવે સમજ્યા મારી સાહ્ણી ?

કુ૦—(સહેજ મલકાતે) તેં પણ સુંદરીનું ઠીક ખેંચ્યું ગાંડી (થાપટ મારે છે) તે હોય તેટલા અમે કાંઇ હોઇએ. (આગળ આવીને) ચપળા એ ચપળા આ તો જો આ ડોલરની કળી કેવું દયામણું મોંહ કરી સામું જોઇ રહી છે. શું તેની મારા જેવીજ દશા હશે કેવી ગરીબ બીચારી.

ચ૦—તે પોતાની માફક ધીરજ રાખતા શીખવે છે.

કુ૦—ત્યારે તો હું દુખીયારીને શાન્તવન દઉં. તું કયારથી બરફના જળથી સીંચાશે તુજ મહેકની ચતુરતા બમણી કરીને વેલી મહીં લટકશે તુજ પાંખડીએ હા પારદર્શક સુંદરી તુજ પાસે ?

ચ૦— હવે પતાવો ને આગળ ચાલો.

કુ૦—ના હું થાકી ને હવે બાકીનો લ્હાવો તમે લ્યો.

ચ૦—રોફથી ત્યારે મારી બાઇ અમારા પગને પ્રભુએ માટીના ઘડયા હશે ?

કુ૦—બા સૂર્યસિંહજી આવતા જણાય છે.

ચ૦—(સ્વગત) અરે કહેલા વખત કરતાં વહેલા આવ્યા જરૂર મનની સ્થીતિની નબળાઇને લીધેજ તેમ થયું હશે (ચાહન) લે બ્હેન મારા, મારા તે તમારા આવી પહોંચ્યા પેટ ભરીને રીઝાવજો મનાવજો.

ક૦—બળ્યું તમે શું સરમાવોછો જાઓ.

ચ૦—હાસ્તો બા જવાનુંજ કહેશો ને (પણ અહીં) એકાંતમાં પ્રેમ પાઠક જાણજો ? નયનોથી નચાવજો મનના ઉમળકા કહાડજો ને રસીકને રંગે રમાડજો. જાઓ સામા લેવા જાઓ ?

ક૦—(અકળાઇ) હાય હાય તમે તો મને ગાંડી કરી મેલશો હવે તો પીછો છોડો ? (ને પથમાંથી બોલતાં) સુનારાઓ જાગો નહિ તો દગાથી મરશો ભાગો દુશ્મનોના દળે ઘેર્યો છે તેમાંથી બચો (પ્રવેશ)

ક૦—(સ્વગત) ચીત્ત ઠેકાણે હોય તેમ લાગતું નથી (ચાહન) પધારો પ્રાણનાથ આ રંક દાસીના પ્રણામ છે.

સૂ૦—ડોળઘાલુઓને પ્રણામનું કામ છે તે સૂરવીરોને હરામ છે.

ક૦—ખરૂં ? પણ નાથને નમન તે નારીને મન ચમન છે જરા શાંત થાઓ આ બગીચામાં બેસો પછી (સૂર્યસિંહ જાય છે)

સૂ૦—બગીચો ? સ્ત્રીઓનું સ્વાર્થ સાધવાનું મકાન કૃપણ કામ કરવાનું સ્થાન બગીચો ? ત્યાં તો ઝેરી નાગોનો વાસ છે ઝેરની શાંતતા હું સમજી ગયોછું. કે મે ભોળાઓ, બાનુઓની શાંતતા શોધતા ફસાયા છે તેઓને જીંદગીનું જોખમ બગીચામાંજ જોયું છે તેવીજ છે શું તમારી નેમ?

ક૦—ના પ્રભુ હું તો આપની આરોગ્યતા ઇચ્છી પાસુંછું પ્રેમ.

સૂ૦—પ્રેમ હતો, છે, ને ગયો, પ્રેમના અંકુરો બળીને ભસ્મ થયા છે. હવે મહેનત કરવી નકામી છે.

કુ૦—પણ મારા અંતરમાં તેજ પ્રેમનો આરામ છે.

સૂ૦—આ બધો લાલચો નો કૃતિમ દમામ છે:

કુ૦—નહિ પ્રાણેશ નહિ? કહો તો હ્રદય ચીરી બતાવું અગર કાયા કાપી વંચાવું કે હાડે હાડે ને રૂવે રૂવે આપનું નામ છે.

સૂ૦—સ્ત્રીઓને પ્રથમ તેનું કામ છે.

કુ૦—સમજોછો તો પ્રેમમુદ્રીકા પાછી વાળી મારો કેમ તીરસ્કાર કીધો આ કોંકરી પર આટલા બધા કહ્યા ?

સૂ૦—સ્ત્રીઓ છે બેવફા.

કુ૦—એવી મારી શું કસુર થઇ છે.

સૂ૦—નારીઓ ઝેરી પુતળીઓ જણાઇ છે.

કુ૦—ખુદ મારી પરીક્ષા કરી.

સૂ૦—કદાચ નહિ પણ સ્ત્રી જાત તો ખરી.

કુ૦—નાથ બધી તેવી ના હોય.

સૂ૦—સમજુઓ દાણો એકજ ચાપી જોય.

કુ૦—પ્રાણાધાર મુને ઘેર ઇનસાફ થાય છે.

સૂ૦—ચેતીને ચાલવું ભુંડાથી ભાગવું એ ચોકખો ન્યાય છે.

કુ૦—આપના આજના વિચારો ઉલટા છે.

સૂ—કામીઓ કામી કુલટા છે.

કુ૦—ના એકદમ કઠોર ના બનો.

સૂ૦—હવે મુને જુદોજ ગણો.

કુ૦—વાકય બાણ મારી મુને ના તરફડાવો.

સૂ૦—તમે ના ફસાવો.

કુ૦—આમ શું દુખીયારીને દુભવોછો. બળતીને બાળોછો.

સૂ૦—વખતને વિચારી દયાને દરીયામાં ડુબાડી છે માટે તમે નહિ ફાવો એ મારો ચોક્કસ ઠરાવ છે.

કુ૦—કહો ક્યાં જઈ છાયાને કાયાનો સંબંધ કેમ તુટે માછલી જળ વિના કેમ જીવી શકે ? રંક અબળાને વધુ ના સતાવો ?

સૂ૦—અબળા જેવી નસોમાં લોહીને બદલે આતસ વહે છે એ અબળા નહિ પણ રક્ત પિનારી જીવતી બલા છે. અબળા સમજનારા પોતેજ નબળા છે.

કુ૦—અરેરે મારી અરજ નહિ સ્વીકારો.

સૂ૦—હવે હું જવાબ દઇને હાર્યો.

કુ૦—મારે માટે તમારી આ વાણી.

સૂ૦—હવે તો પત્થરપર પાણી.

કુ૦—હાય ! હાય ? એ જીવનહાર તમારા વિયોગે મારૂં મણ થશે ?

સૂ૦—તેથી દુનીઆનું શું સત્યાનાસ જશે ? એક પાપ ઓછું થશે ?

કુ૦—આપને માથે કાળીટીલી તો રહેશે ?

સૂ૦—સૌ સૌનું લાગ્યું ભોગવી લેશે ! સબુરીના ફળ મીઠા છે (જાય છે)

કુ૦—ઓ નાથ કહેવું વ્યર્થ ગયું જીવતર ધુળ થયું (બેભાન) (ઉભી થઇ) શું? ગયા હા હવે ગયાજ પતિ હવે મારૂ કોણ બેલી ?

ગાયન ૧૬.

(લંપટ પ્રવેશ કરે છે) હવે હું ક્યાં જાઉં ક્યાંથી શોધું. અરે નાથ.

લં૦—(સ્વગત) મારીજ ઝંખના થાય છે ને ? વાહરે કેસર તારી કળા ?

કુ૦—નાથ હવે હું પગે પડી કહુંછું કે મુને ના સતાવો જલદીથી આવો ?

લં૦—હવે વધુ તલસાવવામાં સાર નથી (જુસ્સાથી જાય છે)

જુસ્સાથી પ્રેમ દરશાવવા માટેજ બબાની બહાટ વધારીનેજ આવ્યોછું (ચાહન) આવો મારી વહાલી જો હું હાજરછું.

કૃ૦—(ગભરાટની) અરે લંપટ તું અહિં ક્યાંથી ? હરામખોર એક પણ શબ્દ વધુ વગર વિચાર્યો બોલીશ તો તારી જીભ ખેંચી લઇશ.

લં૦—પ્યારી લલના ચંદ્રવદની ચતુરા તારી જુસ્સાદાર વાણી ખુબ સુરતીમાં વધારો કરી મુને બહુજ લલચાવે છે. હવે શું કામ માન ખાય છે ? માટે ચાલને લે આ ભેટ.

કૃ૦—નિચ ગુલામડા તારા જરના જોરે મારૂં શીયળ હરવા આવ્યો છે ? પણ વ્યભીચારી કુત્રા. રસ્તો ભૂલી સિંહણની બોડમાં આવ્યો છું કયાં તું. ને કયાં હું ?

લં૦—પ્યારી આપના બેની જોડી ઠીક મળશે સમજી ?

કૃ૦—વિક્ષયાન્ધની જોડી કંચનને કથીર કુત્રાને સિંહણ કાગડા ને હંસની જોડી ? ચૂપ રહે ચોરટા.

લં૦—તેમનો તેમ દુનીયામાં પણ નવીજ થાય ત્યારેજ જાહેરમાં અવાય.

કૃ૦—પૈસાથી અંધ બનેલા બોલે છે તેનું ભાન રાખ જરા શરમા.

લં૦—સરમાવાનું શાનું ? દારૂ પીવો નવી નવી નાજનીઓ નચાવી ઘોડા એક પાણુ કોચમીન ઓ રાખવા એ એક ગૃહસ્થોનું મોટું લક્ષણ છે હુ પણ તેમાંનો એક છું વગર વિલંબે હાથ મેલાવ.

કૃ૦—ચાલ દૂર હટ નહિ તો જોયો છે આ શુરી ક્ષત્રાણીનો હાથ.

લં૦—એમ તો હું પણ જો કે હું એ મારા દોસ્ત ખીરીપ સુલાના કહેવાથી ચપ્પુ રાખતા શીખ્યોછું. માટે જલદી માની જા ? હાથ પકડવા જાય છે. (કળાવતીના હાથમાંથી કટાર પડી જાય છે

તે લંપટ ઉપાડી લઇ) હવે બતાવ તારો તોર.

કં૦—અરે દૈવ ક્યાં નાસું પુરી ફસઇ.

લં૦—કેમ પ્યારી હજુએ આ બાંકેરાવ બહાદુરની બાથમાં પડવું છે કે મરવું છે.

કં૦—ઓપાજી તારી હજારો ધમકીઓથી હું ડરનાર નથી, તારાથી થાય તે કર જા ?

લં૦—એમ તો કે ? મારવા જાય છે.

કં૦—અરે કોઇ છોડાવો મારાપર જુલમ થાય છે બચાવો (વિનોદ બચાવે છે લંપટ મરે છે.)

વિ૦—કેમ સુર્યસિંહજી આવી ગયા !

કં૦—આવિ ગયા પણ.

વિ૦—પણબણ રહેવાદો કાંઇ નહિ ધારતી માટે અમથી તમે ગભરાએલા દીસોછો માટે અંદર જાઇ આરામ કરો સૌ સારૂં થશે (અંદર જાય છે)

કં૦—હાશ ? મુવા તો કાસ ગઇ લે પીટયા લેતો જા કળાવતીની ભેટ તારો આ શિદપાવ દશ હજારનો દલ્લો જોઇએ છે પાછો જાય છે.

પ્રવેશ બીજો.

પ્રધાનનો રૂમ.

પ્ર૦ -ગુપ્ત કારણસર સુર્યસિંહ ગાંડાના વેશમાં રાજદ્રોહી થયો છે તેવું મહારાજનું માનવું છે અને રાણી મળી ન જાય તે માટે છુપી વાત સાંભળવા મુને ફરમાવ્યું છે ને લાલચ આપી છે કે મોટું ઇનામ મળશે ? રાજદ્રોહ સાથે રાણીને શું સંબંધ હશે ? આપણને તો ગોટાળામાં કાંઇ પણ સમજાતું નથી. મને તો

લાગે છે કે રાજા વાજા ને વાંદરા એ ત્રણેનો એક સ્વભાવની કહેવત મુજબ આપણુ મહારાજાના મગજનો તુરંગ છે. તો આવ્યો લાગ કેમ જાવા દઉં. જરૂર રાણીની વાત સાંભળવી. હવે કળાવતિનો સંબંધ તોડાવાની શી જરૂર હશે ? ખરૂં છે કે તે ગાંડો બન્યો છે મારી સુડી વચ્ચે સોપારી જેવી દશા થઇ છે તેને વચનથી હું બંધાઇ ચુકયોછું. તેની ના કહેતાં મારૂં નાક કપાય છે. ને આવી દશામાં તેનો હાથ સોંપુછું તો ગરીબ દીકરીનો સંસાર બગડે છે પિતા તરીકે દરેક જણુની ફરજ છે કે પુત્રીને વિદ્વાન ડાહ્યો નિરોગી પ્રેમાળ પતિ સોંપવો જોઇએ તેમાં પૈસાને ખાતર સ્વાર્થી અગર ફરજનાથી બેદરકાર બની જે માબાપો પોતાની પુત્રીનો ભવ બગાડે છે. તેને લાખો ધીક્કાર છે માટે લોકનિંદાને ના ગણુતાં સુર્યસિંહનો સંબંધ તોડવો, હવે મારી પુત્રીને લાયક તે થયો નથી એક તો મહારાજને ખુશી કરીશ ને બીજુ પુત્રીનો લાભ જાળવી શકીશ. લાવ તેને દુર રહેવા કહાવું (ધાંટો પાડી) ખરે કોણુ છે દેવડીવ ઉપર.

પ૦—જી હુકમ સરદાર.

પ્ર૦—જા કળાવતી બેનને મારી પાસે બોલાવી લાવ (જાય છે)

ક૦—બાપુ નમીને કેમ અત્યારે મુને યાદ કરી.

પ્ર૦—તારા લાભનીજ શીખામણુ દેવાની જરૂર પડી.

ક૦—ભલે ફરમાવો. બાલ્યાવસ્થામાં પુત્રીનુ સુખ સંભાળી શીખામણુ દેનાર પિતા સિવાય બીજું કોણુ છે ?

પ્ર૦—ધન્ય છે તારા ડહાપણુને બેટા જો સુર્યસિંહની હાલીહવાલી જાણી છેને ?

ક૦—(અજબ થઇ) હા પણ તેથી શું છે.

પ્ર૦—તે તારે માટે અયોગ્ય છે તેથી ભવિષ્યમાં તેનો પરિચય ઓછો કરવો. જેમ બને તેમ જલદીથી આગલો સંબંધ તોડવો છે. મારે તારો હાથ બીજા ગુણવાનને સોંપવો છે.

ક૦—બાપુ બાપુ! આવું શું બોલોછો? જેને આપ મનથી આવી ચુક્યાછો? વચનથી બંધાયાછો તેનાથી સંબંધ તોડવાનું જણાવોછો?

ગાયન ૧૭.

પિતાજી તમારા જેવા વૃદ્ધ પણ શૂરા ક્ષત્રિઓના મુખમાંથી સ્વાર્થપરાયણ વચનો નીકળવા માંડયા છે ત્યારથી જાતી ગૌરવ નષ્ટ થયું છે ક્ષત્રીઓને રાજ્યને બદલે ભીખ માગવાનો વખત આવ્યો છે.

પ્ર૦—અરે કળાવાત તે ગાંડો થયો છે.

ક૦—હા હું જાણુંછું પણ મારો હાથ તે સારા હતા ત્યારેજ સોંપાયો છે તમારા ભોળવવાથી તમે એમ શીખાવવા માંગોછો કે સ્ત્રીઓએ સુખમાં સ્વાર્થી બની દુખમાં દુશ્મનતાથી પતિનો ત્યાગ કરવો! નહિ? નહી? સીતાજીએ રામચંદ્રની જોડે વનમાં ભાગ નોતો લીધો?

તો હું પણ તેમની પંકતીની સ્ત્રી જાત છું તો મારા પતિની સાથે મળી મદદ કરીશ તમે કેમ ભૂલોછો. આપડા શૂરા ક્ષત્રીઓ વચન દીધેલા કન્યાદાન માટે ગજબવાળી શમશેરોથી સેંકડો ભોગી નથી થયા? માટે બોલતાં કાંઇ વિચારો સ્વાર્થ માટે પુત્રીને બજારની વેસ્યા બનાવતા ઇશ્વરથી ડરો!

પ્ર૦—ચૂપ છોકરી તું નાદાન છે તારો સંબંધ હું કોઇ પણ રીતે નહી કરીશ.

કુ૦—તો હું એ ચાહતો પૃથ્વીને આકાશ એક થાય સૂર્ય પોતાની ગતી બંધ કરે મેઘરાજ વરસતો બંધ થાય ભલે આખુ બ્રહ્માંડ તુટી પડે ને તમારા જેવા સેંકડો સમજાવા આવે તો પણ મારા મનના માનીતાથી કદી નહીજ ફરીશ. કારણ કે જેમ ફુળ એક વખતજ ફુળે છે સિંહણુ એક વખતજ જણે છે તેમ સતીઓ એક વખતજ બોલે છે.

પ્ર૦—આ તારી હુજત નકામી છે.

કુ૦—મારા તો એકજ સ્વામી છે.

પ્ર૦—તારે શું તારી આડાઇથી મારા ધોળામાં ધુળ નખાવીશ.

કુ૦—હું આપને સત્યતાને વળગી રહેતાં શીખાવીશ.

પ્ર૦—ચુપ ઊદ્ધત છોકરી ચુપ મારા સામુ બોલે છે.

કુ—નહિ પીતાજી આ દીકરી પોતાની દલીલો રજુ કરે છે.

પ્ર૦—દલીલો બલીલો હું કાંઇ સમજતો નથી તારે મારા મતને અનુસરવુંજ પડશે મહારાજનો પણ આ મત છે તે તો સ-ંર્યસિંહને ખુની કહે છે.

કુ૦—ત્યારે એમજ કહો કે જાલમસીંહના ભમાવાથી આપ ભમાયા છો પીતા સાચું કહુંછું કે તમે ભૂલોછો આડે રસ્તે ઉતરોછો ને પુત્રીનું અનીસ્ટ કરોછો.

પ્ર૦—તારો બકવાદ બંધ કર નહિ તો હું હમણાજ વસ્ત્રભેર કાઢી મૂકીશ.

કુ૦—ભલે તમારી બીકથી હું નહિજ ડરીશ કહો તો હમણા જ જાઉં પીતાજી ! જેણે જન્મ આપતાં પહેલાં માતાના સ્તનમાં દૂધની જોગવાઇ કરી રાખી છે દાંત આપવા પહેલા ચાવાણાની કરી છે તે તમારા ઘરની બહાર કહાડશે ત્યાં પણ પોષસે પણ ખરો

ભલા બાપુ પણ તમને એ દુષ્ટ રાજાઓ પોતાનું કાર્ય સાધવા આવ્યા છે તે મારો સંબંધ તોડાવી કોઇ છૂપો ઘાટ ઘડવા તમને ચઢાવ્યા છે મારૂ સત્યાનાસ વાળવા તમને આગળ કરેછે. માટે સમજો ચેતો અને એવા પ્રપંચી રાજાની નોકરી છોડો, ને ઇશ્વરમાં પ્રીતિ જોડો નહિ તો પ્રપંચમાં ને પ્રપંચમાં આપનું મોત થશે.

પ્ર૦—હવે તારૂ ડહાપણ રહેવાદે તે હું હુકમ ફરમાવું છું કે આઠ દીવસની અંદર તું તારી શુદ્ધ ઠેકાણે લાવજે નહિ તો મારૂં ઘર છોડી ચાલી જજે.

ક૦—બહુ સારૂ મને તેની પરવા નથી.

પ્ર૦—ચૂપ.

ગાયન ૧૪.

પ્રવેશ ૩ જો.

કુ૦—વિનોદરાયને પૂછીને થાકી તે તો એકનો બે પોતાના વિચારોમાંથી થતો નથી તેમ મહારાજ પણ ડગતા નથી તેથી સૂર્યસિંહને રૂબરૂમાં મળવા મારી પાસે બોલાવ્યો છે જોઉં કે એની વર્તણુક કેવી છે ને મનથી પૂરી ખાત્રી કરૂં (દાસી પ્રવેશ કરેછે.)

દા૦—આ સૂર્યસિંહજી પધારે છે (સંજ્ઞા કરી આ કહે છે.)

સૂ૦—(નેપથમાંથી) અધમચારી પ્રાણીઓ યત્નો કરે હજાર.
પાપ કદી છુપે નહિ ધરજો મન વિચાર.

કુ૦—બેટા આવ બેસ (ગુસ્સામાં બેસે છે) તારી દરબારની વર્તણુકથી હું દીલગીર છું આવી નાદાની વાપરે છે.

સૂ૦—નાદાનો જ મનનું ધાર્યું કરે છે બિચારા સજ્જનો વિશ્વાસથી મરેછે.

દુ૦—આવો ધંગઢડા વગરનો જવાબ આપે છે, ગાંડો થયો લાગેછે, સૂર્યસિંહ ભર દરબારમાં રાજા ઉપર ખૂની કાળો નાગ કહી આરોપ મૂક્યો.

સૂ૦—પાપનો ઘડો ભરાઇ ચૂકયો.

દુ૦—અરે આ તું શું બકે છે પૂછું તેતો સિધો જવાબ આપજે.

સૂ૦—દુશ્મનો સાથે વાત કરવામાં પાપ છે.

દુ૦—તું મુને દુશ્મન ધારે છે.

સૂ૦—કાળા કૃત્ય કરનારને દુનીયા ધીક્કારે છે.

દુ૦—આડું બોલી તારા ઉપર પ્રેમ દર્શાવનાર ભલા માણસોને દુભાવેછે.

સૂ૦—ભલા ભલાને ઓળખવાની શી રીત.

દુ૦—જે આપડી તરફ બતાવે પ્રીત.

સૂ૦—પ્રીત કેમ સમજાય.

દુ૦—તેના હૃદયની ઉરમીયો આપણી તરફ દમતી દેખાય, નિરંતર આપણું સુખ ચહાય.

સૂ૦—તેની તમને કીંમત છે.

દુ૦—હા પારખવાની પુરતી હીંમત છે.

સૂ૦—તદન ખોટું કડકડતું જુંઠું.

દુ૦—જુઠું કહીને ના સતાવ ચાલ તુજ બતાવ.

સૂ૦—જો આમ આવ (હાથ પકડીને) જે હજુ સૂર્ય સમાન પ્રકાશી ચંદ્ર સામાન શીતળતા આપે છે બાહુઓથી દુશ્મનોને દબાવી દયાથી અનાથોને આશ્રમ આપે છે આ હૃદયમાં સત્યને સ્થાન આપી દેવતાઓને તપણુ ધર્મથી લજાવ્યા છે હજી પણ તારા મોહમાં અંધ બની સઘળો સ્નેહ અર્પી સુખના હીંડોળે ઝુલાવી

તારી પ્રભુની માફક પુંજા કરી છે નચાવ્યો નાચ્યો છે અને દુષ્ટોની ફરે બની જાળમાં ફસી આ દુનીયા હમેસપી તજી છે તે મારો વહાલો પિતા તારો મરહુમ પતિ રાજ્યના હકદાર માલેકનો ચહેરો તે વેળા કાવા દાવાથી છૂપાએલા કાળા કૃત્યોની જાળ ગુંથનાર વ્યભિચારમાં આનંદ માની સ્ત્રીઓને લાલચ આપી શીયળ સંહારનાર દુષ્ટ કૃત્યોમાં અબળાઓને સામેલ કરનાર સ્વાર્થ માટે ભજનાર લોભીનો સરદાર ગાંધીનો ગંદો બગીચાનો નાગ પારકું પચાવી પડનાર જુલમી જાલમનો આ ચહેરો હવે સરખામણી કરીને કહે વાલો કોણ હતો?

દુ૦—ચૂપ્પ બોલતાં પહેલાં મારો દરજ્જો વિચાર.

સૂ૦—હા? હું જાણું છું કે તું મારી માહતી પણ ઇચ્છુછું કે તે દરજ્જો જલદી ભૂલી જાઉં પણ ઓ દુષ્ટા તારે પેટે જનમ આપી મારી જીંદગીને કલંકીત કરી છે મારાં બાપની કીર્તિને એબ લગાડી છે ઉચ્છિષ્ટ ખાનારી ઘેરઘેર ભટકતિ વ્યભિચારણી કુત્રી. તેને તેં નાશ કર્યો ત્યારેજ તારો આત્મા ઠર્યો?

દુ૦—ઓ કુલાંગાર પુત્ર તને આ શું થયું છે તારા પિતાનું તો સર્પદંસથી મર્ણુ થયું છે.

સૂ૦—નહિ ઓ કપટી નાગીણી નહિ ઓ સફેદ નાગણ તુંજ તેને ડસી હજી પણ તારો પ્રપંચી સ્વભાવ છોડતી નથી, જુઠું બોલતાં ગભરાતી નથી તો આમ આવ.

દુ૦—તું મારૂં અને મહારાજનું બન્નેનું અપમાન કરે છે? હવે જો કે તને બોલવું કેમ તે શીખવાડું છું જાલમસિંહને બોલાવી લાઉં છું? (ઊઠે છે.)

સૂ૦—એ કુલટા ક્યાં જાય છે, તારા કામી કીડાનો તોર બતાવે છે તો લે (હાથ પકડી.)

દુ૦—ખોટું મુળ (પડદા પાછળથી એ કોઇ આપો રાણીને બચાવો.)

સૂ૦—એ જુલમી જાલમ પણ અહિંજ છૂપાયો છે ને મદદ મંગાવે છે તો બચ્યા જેને હું શોધતો ફરૂં છું લે સ્વાદ ચાખ (તલવાર-મારે છે હાય હું મુઓ.)

દુ૦—એ જંગલી તે કેવું ઘાતકી કામ કર્યું આવી રીતે બધાને સંતાપતો ફરે છે.

સૂ૦—તેં મારા બાપને ઓછા સંતાપ્યા છે તે જોને કૃપણ કામ કોનું છે ? હજુ પણ તારાં હાથથી કંટાળી આ દીપક પણ પ્રકાશ દેવા ના પાડે છે, ચંદ્ર પણ છૂપાઇ જાય છે ધરતી ધ્રુજે છે સજેલા સણગારો સોભતાં સરમાય છે, રાચરચીલાથી રચેલો મહેલ ખાવા ધાય છે તારા પાપેથી ઇશ્વરે સજેલી સર્વે વસ્તુ કમ્પે છે છતાં મને તું ઘાતકી કહે છે ? એજ બતાવી આપે છે કે હજુ પણ મલીન વિચારોની અંધારી તારા મનમાં છવાઇ રહી છે તો તે હું દૂર કરૂં (તલવાર ખેંચે છે ભૂત પ્રવેશ)

પ્રે૦—બેટા સંભાર.

સૂ૦—કોણ પિતાજી આપને અહિં આપવાનો સબબ.

દુ૦—સૂર્યસિંહ તું કોની સાથે વાત કરેછે ? હુંતો કાંઇ જોઇ કે સમજી શકતિ નથી.

પ્રે૦—વચન યાદ દેવડાવવાની મતલબ.

સૂ૦—હું તે ભૂલ્યો નથી પણ બીજા ગુન્હા અટકાવા માટે પાપનું પ્રાયશ્ચિત કરાવવાની જરૂર છે.

પ્રે૦—ધ્યાન રાખજે તલવાર મ્યાન કરજે.

સૂ૦—શીકર નહિ આપ પધારો (જાય છે) આ રાજ્યના તોર ઉપર મગરૂર નાપાક ઓરત જબાનની ચાલાકીથી છટકી જવા માગે છે ? હજી પણ મારાથી છેહ રમે છે ? કબુલ કર કે તુ ગુન્હેગાર છે. જાલમની મદદગાર છે.

દુ૦—તારી ડરામણી ચાલ જોઇ હું ગભરાઉ છું તું જે કહે તે કરવા કબુલ થાઉં છું તારો ગુસ્સો નરમ પાડ મૂને દયાકર.

સૂ૦—અરે પાશાણ હ્રદયની રંડા દૈયાની યાચના તું કરે છે.

દુ૦—હા બેટા હું તારે પગે પડુછું મૂને જવાદે.

સૂ૦—પુત્રના નામથી હજુ તું બોલાવવાને લાયક નથી પહેલા તો તને પશ્ચાતાપ થવો જોઇએ.

દુ૦—મારા અંતઃકરણનો પસ્તાવો છે.

સૂ૦—નહિ અંતઃકરણના પસ્તાવાનાં બિંદુ રૂવેરૂવે બાઝવાં જોઇએ અને નેત્ર વાટે બહાર પડવાં જોઇએ તે નથી ત્યાં સુધી બધો ડોળ

દુ૦—નહિ સાચો છે.

સૂ૦—તો આજથી સોગન લે કે દુષ્ટ જાલમનો કે તારો મેલાપ કોઇ પણ વખતે થશે નહિ ને તેને તું ભુલી જઇશ ને બાકીની જીંદગી મરહુમની યાદગીરીમાંજ ગાળીશ.

દુ૦—બેટા તારા કહ્યા પ્રમાણે જ કરીશ (જાયછે).

ગાયન ૧૫ મું.

પ્રવેશ ૪ થો.

ચ૦—(સુંદરીને) બહેન કળાવતિબા તો દીવસે દીવસે ઘસાતાં ચાલ્યાં હાયહાય બિચારીને દુનીઆના સુખનો લહાવો લેવાનો વખત આવ્યો તેટલામાંજ પ્રેમ પ્રસંગે પડતાં આવી દશા ? વૈદરાજ પણ દવા આપી થાકયા.

ગાયન ૨૦.

હવે સુંદરી શું થશે (રડે છે) બહેન દગો દેશે !
સુખ શોધવાને જગતમાં સૌ માનવી મહેનત કરે
આખરતો થાવું તે જે, ધાર્યું હશે ધરણીધરે

સું૦—ધૈર્યશિલ થઇ શું રડે છે ? જો.

મારે આપણે પ્રયાસ કરવો એમાંજ આપણું કર્તવ્ય છે.

ક૦—(સૂતી) નાથ ના રીસાઓ, ના શરમાવો તમારૂં સાફ દીલકું હું જાણુંછું. જાઓ મારા પિતાના ખૂનનો દોષ તમને નહિ દઉં અરેરે સંસાર સાગરમાં પ્રેમ હોડીએ બેસાડી અધવચ્ચ ડુબાડશો ? ક્યાં નાસોછો ? દાસીઓ (ઉઠીને) દોડો દોડો એ જતા રહે છે તેમને મારી પાસે લાવો (ચપળા બેસાડે છે)

ચ૦—બહેન આ શું કરે છે ? જો તુંજ દુખી થાય છે) વૈદરાજના કહેવા પ્રમાણે તાવ વધ્યો તો હવે શું ઉન્માદ થયો હશે તેથી આમ બોલતી હશે. જાજા જરા વૈદરાજને તો તેડી લાવ.

ક૦—તું મને અભણ વૈદો તેડાવીને શું સુખ ઓશાધથી ભરીશ.

રોગના નિદાન વીણુ હેરાન મુજને તું કરીશ.
જે દર્દની દાહે હજારો જીંદગી હારી ગયા
ને વેદના બાઇ વેઠવાના દીન મારા આવીયા

ચ૦—તે બધું દાક્તર તપાસ કરો.

કુ૦—તપાસશે શું પથરા !

વ્યાધિ મોટો મન મહિં તનમાં નથી તલભાર કાંઇ

સાચું કહુંછું બહેન મારી કે મુજને કદી મટનાર નહિ

ચ૦—(રડતી) ગળે વળગીને નારે બાઇ સૌ સારૂ થશે (રડે છે)

કુ૦—વૈદ તો બસ એક જે ધનવન્તરીની સમાન છે

ઔષધની ખાખી ખાણુ એ, મમનાથ વહાલા પ્રાણુ છે

ચ૦—(કપાળે હાથ મુકી) મુખની કહેવા ના કહે, મુજને બધું સમજાય છે.

પણુ દેહ દુર્બળ દેખી તારો, કાળજુંજ કપાય છે (રડે છે)

કુ૦—સમજુ થઇ તું કાં રડે ઠાલી અરે ગભરાય છે

પ્રાણુ ને આ દેહ જુદા એજ હૃદયે બહાય છે

ચ૦—આ ઝંખનામાં જીંદગી ટુંકી થશે વિચાર કર.

છોડતો રૂએ રટણુને થોડો સખી આરામ કર

કુ૦—હૃદય તારૂ માંચીઉ બસ એવડ્ડા તુંજ પણુ થઇ

આજથી તુજને તજુ સહિયર હવે મારી નહિ (ધક્કો મારી)

હાયરે દૈવ બધુ જગત ફેરવાઇ ગયું કે હુંજ બદલાઇ, મારાથી સૌ કોઇ ભાગતું ફરે છે મારૂ થતાં ડરે છે નાના બધા મારા વહાલા છે, આવો કાંઇ દયા ખાઇ મારા વહાલમજીને તેડી લાવો કેમ નથી સાંભળતા જાઓ દૂર ખસો (રડે છે) (દાક્તર પ્રવેશ)

ડૉ૦—કેમ કળાવતી બેનને સું થીઉ (તપાસીને) કેસ ટદન ખરાબ કીઢોચ્ચ ટમે લોકો અભન માનસોના હાથમાં સુન્ના જેવી જીંદગી સોંપી, સતીઆનાસ વાલો છે, કેસ સીરીયસ છે હાલને હાલ સીવલ સરજ્યનને કનસલ્ટ કરવા બોલાવો ને વિરસિંહને

પણ તેડાવો (સુંદરી જાય છે) બાઇ રમુને હકીકત હોય તે મને આગળથી જણાવજોની.

ચ૦—(કાનમાં કહે છે) હવે સાહેબ તમને શું લાગે છે.

ડૉ૦—તે પછી કેવસ તમારા મટને હું ટકન મળતો છું, મેની આ હોસે તો હું અજબ નહિથવસ (સિવીલસરજ પ્રવેશ કરે છે)

સ૦—ગુડ નાઇટ ડૉકટર હાઉ ઇઝ ધી પેશન્ટ (બન્ને તપાસ કરે છે) કળાવતિ બકે છે તેથી ગભરાઇ ખુરસી બાજુપર ખસેડે છે.

ક૦—મારી દરકાર કરનારને તેમની દરકાર પહેલીજ કરવિ પડશે ફીટકાર છે નીમકહરામો ? (થુંકે છે)

સ૦—લેટસ, સી પ્રીસ, પેશન્ટ (જોઇને) એડટીનચર કેનેબીસીડકા, એન્ડ બ્લીસ્ટર, હરનીયર ધી. ઇયરસ.

ચ૦—સાહેબ ઊંઘવાની દવા તો જરૂર આપજો.

સ૦—યુઝ હીયેર કોમીક સીરીંજ (વિરસિંહ આવે છે)

વિ૦—કેમ ડાકટર સાહેબો, મારી બહેનને આ શું થયું ?

સ૦—મટ ગભરાઓ, થોરા દીનમે અચ્છા હોગા, જારતી બાટ ડાકટર બોલેગા અચ્છા. સલામ (ફી લઇ ચાલતો થાય છે)

ડૉ૦—જુવો બાવા વીરસિંહજી તમારે ઘણુંજ સમાલવાનું છે બહુ આદમી ભેગા થવા ના દેશો, લગીર ધારતીભર્યો કેસ છે.

દરી બેજ બેન પાસે રહેજો ને સાચવજો,

મારે મહારાજ પાસે ખાનગી કામસર જવું છે ચાલો દાકટર બીજી વાત ગાડીમાં કરીશું.

ડૉ૦—મોટો એસાન થશે બાવાજી, ચપળાબાઇ દવઇ સારૂ માનસ મોકલજો (જાય છે)

ચ૦—અફસોસ, સોના જેવી સુંદર ગંગા જેવી પવિત્ર અને રંભા

જેવી રૂપાળી ને ડહાપણના દરીઆ જેવી શાણી કળાવતિ બહેન તારી આ દશા, બાપ મુઆ પછી ભાઇ પ્રધાનપદ મેળવવાના જોરમાં ઉપરની ટાપટીપ કરી ચાલી ગયો દાકતરો ખીસ્સા ભરી વિદાય થયા સોનાને પારણે ઝુલેલી લાખોની સાહેબીમાં ઉછરેલી બહેન તને દીલાસો દેનાર કોઇ નહિ (રડે છે) બહેન સુંદરી મહિયરમાં સાથે તે આનુંજ નામ.

ગાયન ૨૧.

પ્રવેશ ૫ મો.

દા૦—અલી, કમળા, આ સાહેબને તો મહારાજાએ તજી દીધા હોય એમ દીસે છે.

૨) દા૦—નાના, તે તો પોતાની મેળેજ પોતાના પુત્રનું શૌર્યપણું જોઇ દીંગ બન્યા છે.

૩) ત્યારે શું અલી જાલમસિંહ પતિને છોડી દઇ ચાલ્યા જશે ?

૪) વેશ્યા સ્ત્રીઓને પતિ શું છે તે ભાન ક્યાંથી હોય, ખરે કદાપી નાજ હોય.

૧) વેશ્યા તો ખરી પણ તેમની અને મહારાજાની જોડી જ ખ્યાત છે શું તે તૂટી જશે.

૧) ચકોર અને ચંદ્ર માછલી અને જળકમળ અને સૂર્ય તે સર્વે એકએકથી જુદા પડશે ?

૨) ત્યારે તો પછી કહેવામાં શું બાકી રહશે.

૪) આપડું કહ્યું શું વળનાર છે તેમને જે મનમાં ધાર્યુ હશે તે કરશે.

૧) આપડે તેમને માટે શા કારણે નકમો ખરખરો કરવો જોઇએ. ચાલો આપડે ગરબા ગાઇને કામમાં પ્રવર્ત થઇએ.

ગરબો ગાયન ૨૨.

૨) અલી જોતો ખરી સામેથીજ આવતા જણાય છે. મુખડુ પણ કરમાઇ ગયા જેવું લાગે છે.

દુ૦—આ મુખડુ એના કયા ભવના પુણ્યાર્થે ફરીથી આ દુનીઆમાં ઉંચી નજર કરશે

૩) દા૦—કેમ બા, કેમ, પહેલાં તો જરીકે છૂટાએ પડતા નોહોતા ને વળી આજ આમ શું થયું છે.

દુ૦—મનની સર્વ લાગણીઓ ઉભરાઇ આવી છે.

દા૦—ત્યારે આ નવનવીન દાગીના પણ આપના કરમાં પડી રહેતાં શરમાય છે.

દુ૦—પુત્રની વાણી અહિં આગળ પણ સાંભળવામાં આવી, બ્હેન આ સુખ સંપત્તી સર્વે માટીની અંદર દટાઇ ગઇ. કોઇ ગંગાજીમાં તણાઇ ગઇ છે. જે સુખ સંપત્તિ મારા મરહુમ પાત પાસેથી મુને મળતા હતા, તેમાંનું હાલમાં જરા પણ રહ્યું નથી, ઓ દુષ્ટ જાલીમ મને પ્રેમમાં અંધ બનાવી, મારી પાસેજ તારા પોતીકા ભાઇનું એકજ ઉદરના રહેવાથી તેનું ખૂન કરાવ્યું. ધિક્કાર છે, જાલમ તુને અને આ સર્વ સંપત્તિને સૂર્યનો પ્રવેશ (સ્વગત) આજે માતાના મૂખમાંથી જાલમને ધિક્કાર આપતાં જોઇ કેવો હર્ષ થાય છે ? સ્ત્રી જાતના હૃદય અંદરથી પોચાં હોય છે પણ કોઇના ભમાવ્યાથી આવા ક્રુર કૃતઘ્ન કરતા શિખે છે. (ચાહન) કેમ માતાજી આ પુત્રના પ્રણામ છે.

દુ૦—બેટા મૂને નર્કસ્થાનમાંથી તારી સ્વર્ગનું સ્થાન આપ્યું તેનો શો

ઉપકાર માનું ! જેટલો માનું તેટલો ઓછોજ છે.

સૂ૦—ઉપકાર કરવો તે સર્વ જનની ફરજ છે તો આ કયાં, ઘરના માણસને વળી સગી માતા, તો પછી ઉપકાર સાનો, તે તો મારૂં કર્તવ્ય છે.

દુ૦—શાહબાશ વિર પુરૂષ શાહબાશ, તારી વાણીને ને ચાલાકીને તારી પાસે કોઇ પણ ઉત્તર આપી શકેજ નહિ.

સૂ૦—ઉત્તર આપવામાં હૈડે હામ હોય, તોજ આપી શકે ને નહિ તો કયાંથી.

દુ૦—બેટા હવે હું આ સંસાર તજી દઇ કોઇ એકાદ અરણ્યમાં યોગીનું ધ્યાન ધરવા જનારછું. તારી તેમાં શી મરજી છે.

સૂ૦—મરજી ના પુછો, કરવાનું કાર્ય તાકીદે કરો તેમાંજ સારાઇ છે.

દુ૦—(દાસીઓ) ચાલો મારા ભગવા વસ્ત્ર લાવી ધારણ કરાવો અને આ સર્વ લેતાં જાઓ (દાસીઓ જાય છે) (લાવ) દાગીના એક પછી એક ઉતરે છે. (હસ્તમાં મોતીનો કંઠો પકડી) ગળાની અંદર અહરનિશ શોભી રહેનાર, હાર, એક-દમ, નીકળી જા આ વૈભવની લાલચેજ, મારૂં સત્યાનાશ વાળ્યું, ઓ હસ્ત રંડાપો લઇ શીદને દાગીના પહેર્યા છે ધીક્કાર છે, (એમ કહી ઉતારી આપે છે)

સૂ૦—પૂજ્ય માતા મારા પ્રણામ છે. હવે હું કળાવતિના શયનગૃહ તરફ જઇશ. મૂને રજા દો.

દુ૦—બેટા જા, તારા કાર્યની ઇચ્છામાં ફળીભૂત થા એવી મારા મનની આશીષ છે. (જાય છે)

કુ૦—(સાધુનો ડ્રેસ પહેરી) ચાલ હું પણ કોઇ સાધુનો સમાજ ભેગો થયો હોય તો જાઉં. ને બાકીની જીંદગી મરહુમની યાદગીરીમાંજ ગાળું.

ગાયન ૨૩.

પ્રવેશ ૬ ઠો.

કુ૦—અરે દાકતરો ખીસ્સા ભરી ચાલ્યા ગયા, રોગ ન હોવા છતાં જુઠી જુઠી દવાઓ આપી બાઇને સારૂ લગાડી, રૂપીઆ ઉઠાવી ચાલ્યા ગયા, બાઇ પણ પ્રધાનવટુ મેળવવાની આશામાંને આશામાં ફર્યા કરે છે, પિતાનું મરણ થયું. અહો દૈવ ચારે ગમથી મારી પર દુખનું વાદળ વરસાવ્યું, મારા માથે દુખના ઝાડ ઉગાડયા આવુંજ સંકટ આપવું હતું તો મુને કેમ ના મારી ? મારાપર શીદને દયા બતાવી, પિતાનું ખુન, પ્રાણનાથના હસ્તે થયું ધરનારેજ ઘર ઘાલ્યું મારૂ નસીબ ફેરવાયું અરે આ નયનોમાંથી બોર બોર જેવડા આંસુ પડે છે. આ બિચારૂ હૃદય અંગારાની માફક બળે છે, રોમેરોમમાં, લોહી ઉકળે છે. પ્રાણપતિ તમારો વિયોગ તો ઘણોજ સાલે છે, ખરે તમારી પ્રીતિ પીતળ જેવી દીસે છે. તમારા દર્શનવિણ આ દાસી અત્યંત ઘેલી બની ગઇ છે, તમારી વાણી સાંભળવાને મારૂં હૃદય વળી તેમાં કાન તો, પ્રિય શબ્દ સાંભળવા તૈયાર થઇ રહ્યા છે. તમારી ચતુરાઇથી હું તો હવે વળી આ દુખી બાળાને વધુ ના દુભાવો, ના તલસાવો પ્રીય પ્રાણ ધુતારા બની

શું બેસી રહ્યા છો, આ રંક દાસીને ક્યા સુખને માટે ઠગોછો
આ હૃદય મંદિરની અંદર જે આગ લાગી છે તે જલદી સ-
માવો શા માટે શરમાઓછો એ જગતના તારણ વિશ્વપતિ, મારા
પતિ, તમે તે કઠોર હૃદયના વાસીનો હૃદયમાં દયા ઉપજાવો.
આપ તો, જે ધારો તે કરવા સમર્થ છો પળની અંદર તૃણનો
પર્વત બતાવી દોછો, તો ઘડીકમાં, પર્વતનો તૃણ કરી દોછો,
જે સ્થળની અંદર, જળ હેય છે ત્યાં જમીન બનાવી દોછો
વળી ઉંચી જમીન હોય તેને સેંકડો ફૂટ નીચી કરોછો, દૂખ-
વાસીને સુખ આપોછો સૂખવાસીને દૂખ દોછો, આપની કળા
તો અગાધ છે.

ગાયન ૨૪

(સૂર્યનો પ્રવેશ), અહો અહિં આગળ પણ નવુંજ જણાય
છે. લાવ જોવા દે (સંતાઇ જાય છે).

કુ૦—**નાથ, સૂર્ય, આજથી આથમીજ જશે,** વળી આ નવીન
શો બનાવ, આકાસની અંદર કાળા વાદળ છાઇ રહ્યા છે. પા-
સેના પર્વતો ખાવા ધાય છે, યમુનાજી, ગજગતિ ચાલ ચાલી
મંદ અવાજે વહેતાં જણાય છે. તારાઓ એક પછી એક
પોતાનું મોઢું સંતાડે છે ચંદ્રમાં પણ છૂપાઇ જતો જણાય છે,
આવા અવશુકન શાના. (પાછળ ફરી) સૂર્ય સામુ જોઇ (સ્વગત)
આ કોઇ નાદાન મારી પાછળ પડયો જણાય છે. હવે
સત્વર જવાદે, (કપડા ઉતારીને પહેરે છે)

સૂ૦—આ મધુરા બોલો, આ કાને સાંભળ્યા છે તે પ્રથમના શબ્દને
મળતા છે **મારાથી બીની લાગી છે,** (લુગડાં ઉતારે છે
અને સાધુના પહેરે છે)

સૂ૦—ઓ બાળા નવ ધરો અંગે, સાધુના વસ્ત્રો
સૂર્યસિંહના કુળ પતિ, ધરો હસ્તમાં શસ્ત્રો
હસ્તના દાગીના નવ તજો ભામીની
હીર ચીર, ઓઢો અંગે, ઓ શામીની

કું૦—આ મધુર સ્વર ક્યાંથી નીકળી આવતો
દુખની દોટે ચડેલાને, શાતા આપતો

સૂ૦—આ પ્રથમ આપને પાળવાનું વચન આપેલું તેજ આપનો.

કું૦—કેમ, વાક્ય અધુરૂ મુકયું. ફળ સુધાર્યું પણ મુખમાં ના મુકયું.
બોલતે શરમાયા, ના બોલો તો, હું કહું, સ્વામી.
દેવની સેવાથકો સ્ત્રી ન પામે સુખ
કુલકાંતના અજ્ઞા તજે, દેછે ઇશ્વર દુખ,
સ્વામીનાથ, આ બાળનો વિના કારણે તિરસ્કાર કર્યો, મારી પ્રથમ મોકલેલી ભેટનો અનાદાર કર્યો આ શું આપને ઘટતું હતું.

સૂ૦—ઓ ભામીની, અનાદાર, મેં કર્યો નથી, આપનો તિરસ્કાર મેં કર્યો નથી ?

કું૦—ત્યારે શું આ બધું જુઠું, નજરેનજર જોયું તે પણ ખોટું.

સૂ૦—તીરસ્કારના વચનો મૂખમાંથી નીકળ્યાતા, ભેટનો અનાદાર, બાહુઓથી કર્યો હતો, તો આએ બે આપના ગુનેહગાર છે.

કું૦—નાથ, આવું શું બોલોછો.

સૂ૦—જલદીથી ચાલો.

સૂ૦—હવે વાર લગાડો નહિ જલદીથી ચાલો નહિ તો આપડી પર આફત પાછી આવી પડશે. (અંદર રાજદરબારી વસ્ત્ર પહેરી ઉપર સાધુનો ડ્રેસ) બાવા પોતે ચાલે છે.

પ્રવેશ ૭ મો.

સ્થળ—દેવીનું મંદીર.

(ઠગોનું દર્શન કરી એક પછી એક સંતાપવું.)

ઠ૦—અલ્યા જેહા જો દેવી માતા તુષ્યમાન થાય તો આજે કાંઈ મળે ખરૂં મળે.

કુ૦—(સ્વગત) આ મારા બેટા ઠગો અહિં કયારનાએ આવી બેઠા છે ને આવીને આવીજ ઠગવાની વાતો કરેછે લાવ જરા સાંભળવા દે

જે૦—અલ્યા પણ રોજ મલે છે તેના કરતાં કાંઇ વધારે આપવું એની બોનને પઇને વહેલા ઊઠી આજ તો આવ્યા છીએ જાણે કોઇ દરશન કરવા આવશે, પણ વારૂ હા હરીનું કોઈ પણ આવતું ન નથી તે.

ઠ૦—અલ્યા. મેઆ ઝણુકારો વાગ્યો કોઇ આવેછે તો ખરૂં.

જે૦—અલ્યા દાગીના કીમતી પહેર્યા હોય એમ ભાસે છે.

ઠ૦—હા અલ્યા, ઘુઘરાનો ઝણકારાનો અવાજ તો મધુર છે ને વળી કોઇ સુંદર પોઇણિ હશે, એટલે આપડો તો બેડો પાર.

(આકાશ વાણી.)

દુષ્ટો દુષ્ટ વિચાર ન ધરો, કાળજાની માંહ્ય,
ગરીબને હેરાન કરવા, ન કરો ક્રુર ઉપાય.

(ઠગો મનમાં ઝબકે છે.)

અપ્સરા ઉતરે છે એ.)

ગાયન ૨૬ (જાયછે.)

સૂર્ય સાથે કળાનો પ્રવેશ—

ક૦—પ્રાણનાથ કેવો સુંદર વાયુ વાય છે, વળી આ બાજુપર વારીના

રવ સંભળાય છે, આજુબાજુ ઝાડપાન વાયુના વાવાથી ખડખડી રહ્યા છે આ પહાડ વળી નાની ટેકરીઓ, સામીજ દેખાવ, આ વિચિત્ર સ્થળ કયું છે ?

સૂ૦—(જરા હસી) ઓ પ્રાણપીયા આ સનમુખ દેખાય છે તે પહાડ નથી પણ દેવળ સ્થાન છે, જેની અંદર દેવીની મૂર્તી બીરાજમાન છે આપની ઇચ્છા હોય તો ચાલો જઇએ અને દર્શન કરી કૃતાર્થ થઇએ.

કુ૦—નાથ, મારી પાસે પુજાનો સામાન કાંઈ પણ નથી તો જળદેવની આગળ નવેદ શાનું ધરાતું. પુજા શાવતી કરૂ.

સૂ૦—ઓ બાળા ખરી વાત, મેં પણ સાંભળ્યું છે કે દેવી આગળ ખાલી મૂઠીએ ના જવાય.

કુ૦—નાથ જરા આગળ આવો, આ કંકુની થાળી, વળી શ્રીફળ, અહિં કોણ મુકી ગયું હશે !

સૂ૦—ગમે તે મૂકી ગયું હશે હવે આપણે આપણું કાર્ય કરો.

કુ૦—ચાલો નાથ (સંગાતે જાયછે).

(પુજા કરી આરતી ઉતારેછે)

ગાયન ૨૭.

ડુ૦—અલૌકીક લાગ આજ મલ્યો છે. હજાર ઉપાય કરતા ન મળે સીંહ જોર ગુફામાં ગાજે બતાવું જોર મુજ માલ આગળે.

(આગળ આવી ઉભો રહે છે.)

સૂ૦—ચાલો આપણે આપણા રસ્તે જઇએ—

કુ૦—ચાલવા કયાં માંડયું. દર્શન કર્યા તેની દક્ષીણા આપો. પછી જાઓ.

સૂ૦—વળી તેમાં દક્ષીણા શાની દક્ષીણા.

કુ—જો તમે કાંઇ એકલા આવતા નથી જેટલા યાત્રાળુઓ દર્શન કરે છે તેટલા બધા આપેછે પૂછી જુઓ આ બ્રાહ્મણોને (ઠગો ઉતરી આવી.)

ક્રુ૦—અમારી દક્ષીણા આપો,

સૂ૦—હાલમાં મારી પાસે કાંઇ પણ નથી કે તમારી આગળ મુકું હું લાચાર છું.

ઠ૦—લાચાર થઇ કાંઇ ચાલ્યા જવાનું નથી, અમારી દક્ષીણા આપો.

કુ૦—અલ્યા આમ શું કરો છો. શેની દક્ષીણા તે શી વાત.

ક્રુ૦—દક્ષીણા આપો નહી તો લડાઇ કરો.

સૂ૦—(સ્વગત) બ્રાહ્મણ સામે શસ્ત્ર ચલાવવવું એ ખરા ક્ષત્રીઓનું કામ નથી, અફસોસ બ્રાહ્મણ સામે તલવાર ચલાવવી, દક્ષીણા માટે ?

ક્રુ૦—આવા બાયલા વિચારો ખરા ક્ષત્રીઓના અંતઃકરણમાં ઉગવા પામતા નથી ? મે દક્ષીણા આપવામાં તારી પાસે જે તારી રૂપ ગુણની ભંડાર ભરેલી ભામીની છે તે આપ અગર લડાઇ કર. લડાઇ કરવામાં બાદ આવતો હોય તો હું પણ ક્ષત્રી છું. નામે ક્રુરસિંહ છું ?

સૂ૦—(ગુસ્સામાં આવી) ઓ કાયર ક્રુરસિંહ-ક્ષત્રી બની લૂટવા બ્રાહ્મણ બન્યો. ધીક્કાર તુજ અવતારનેકે નર્કમાં પણ વાસ નામળ્યો.

સીંહ મટી ના શિયાળવા, વાઘ મટી યા બકરી,
મૂજ તીક્ષ્ણ તલવારથી, રૂધીર વહેવરાવીશ ન દીકરી.

જ્યારે મારી તલવારથી તારા માણસોના અને તારા શીર જુદુ કરી લોહીની નદીઓ વહેવડાવી તણાતા મુકુ ત્યારે જબરો ક્ષત્રી બન્યો. જો તારા કાનમાં આ ઉકળતું તેલ રૂપી શબ્દોના બાણના સહન

થતા હો તો તલવાર તાણી સાવધથા.

કુ૦—હુશિઆર.

સૂ૦—સાવધાન (લડાઇ થાય છે પછી સૂર્ય કેદ)

કુ૦—નાથ તમે કેદ થયાછો તો આ કીકરી પણ પ્રાણ તજી સ્વર્ગમાં જાય છે (એમ કહી પડતુ મુકે છે)

(ગંગાજી પોતાના ખરા રૂપે પ્રગટ થાય છે અને બચાવે છે)

ટેબલો.

પ્રવેશ ૧ લો.

(ભજન સમાપ્ત થયા બાદ અંદરથી દુરમતી ગાયન બોલે છે)

સા૦—વહાલા શિષ્યો, આવો યોગીનીનો અવાજ કાંઇથી આવે છે.

શિ૦—મહારાજ આ સામેથી કોઇ પધારતુ હોય એમ લાગે છે.

દુ૦—(પ્રવેશ કરી)—ગુરૂજી પ્રણામ કરૂછું.

ગુ૦—બેટા તું કોણ છે અને સા કારણે સન્યાસ લેવા ધારે છે.

દુ૦—મહારાજ હું ખૂની છું. પાપી છું. સ્ત્રી જાતી બની મરહુમ પતિનું ખૂન કરવામાં પાછી ના હઠી, પાછળથી પસ્તાવો કરી દુનીઆની અંદર કાંઇ પણ સુખ ભાળ્યું નહિ મારા અંત:કરણથીજ સન્યાસ લેવાનો નિશ્ચય કર્યો છે.

ગુ૦—તારૂ નામ.

દુ૦—આ દાસીનું નામ હત્યભણીનીનું નામ દુરમતી છે.

ગુ૦—દુરમતિ નામ પ્રમાણેજ તે તારો ગુણ બતાવ્યો, તારા પતિનું

ખૂન કર્યું. હવે બાકી શું રહ્યું હવે અમારાથી તરવાનો માર્ગ બતાવાત તેવો એકે પણ નથી.

દુ૦—ત્યારે શું આશ્રય તળે આવેલીને કહાડી મૂકશો, કહાડી મૂકો તો હું ક્યાં જાઉં, મારા જેવી અભાગીનું કોણ બેલી.

શુ૦—સૌનો બેલી ઇશ્વર છે, નાના કે મોટા જીવના બેલી પણ તેજ છે.

દુ૦—ઇશ્વર તું વ્યાપેલ સર્વે, જમીન વાયુ વારી

છુ શુશીલ ડાહ્યો એક, પણ વસ્યો અનેક નામ ધારી
કોઇ ભજે કૃષ્ણથી, કોઇ પુકારે અલ્લા
કોઇ પૂજે પારસનાથ, કોઇ બાતે અલ્લા
બની જાતે ખૂની, પણ અંતરે નથી કાંઇ
કરી મારી તે આ દશા, દુષ્ટ ભલીમ કપટે ફસાઇ
નહી થાવા ચહાતો ગુરૂ મારો, નહિ બનાવા ધારે શિષ્ય
સૌ બની બેઠા ઉંચમા ઉંચ, રહી નીચમાં નીચ
પત્થર પણ કોઇ વખતે, દેવ લેખી પૂજાય છે.
લોહુ પણ કોઇ વખતે, ઇષ્ટ ગણી લેખાય છે
શું આ કાયા માંહિ, અંધ હું મોહિ રહી
મીષ્ટ મીષ્ટ ખાન આપી, અપરાધી હું બની
એક ટુકથી શ્વાન પણ, ધણીથી નોકરી કરે છે
ગજ પણ અંકુશથી, માવતને તાબે રહે છે.
મરહુમે લડાવ્યા લાડ, ઘણા ઘણા પ્રીયાને
પણ તેજ પ્રીયા નાગણ બની, ડસીછેના પ્રીયને

(હાથમાં કટાર લેઇ)—ઓ ચટકતી કટાર, થા તેયાર ભોંકાવાને કર્યો તે પણ નાસ, તો કર આજ નાસ મારો.

(ભોકવા જાય છે નાથજી આવે છે.

ના૦—સબુર બાળા સબુર તું નિર્પરાધી છે. તારૂ અંતઃકરણ બીન ગુનેગાર છે, તને દુષ્ટ જાલીમે ફસાવી છે.

દુ૦—આપ કોણ છો? મારો પ્રાણત્યાગ કરતા અટકાવવાનો શો સબબ?

ના૦—બેટા, હું નારદજી, ત્રણે લોકમાં પૂજાઉછું. મૃત્યુ લોકમાં લોકોનું કષ્ટ નિવારણ કરવાનેજ આ નારદજીએ અવતાર લીધો છે.

દુ૦—ત્યારે, આપ મૂને મંત્ર આપો.

ના૦—(ગુરૂજી પાસે મંત્ર માગે છે)

ગુ૦—આપજી અપરાધી છે. પતીનું ખૂન કરનારી છે.

ના૦—ભલે પણ તેનું અંતઃકરણ બીનગુનેગાર છે, (મંત્ર આપે છે)

દુ૦—આપે મૂને ઉપકારી કરી આ દુનીઆ રૂપી સાગરમાંથી તારી.

ના૦—ચાલો વાર લગાડો નહિ.

ગુ૦—કેમ મહારાજ ઉતાવળ કરોછો.

ના૦—શ્રી નવિનપુરના ચંદ્રસિંહના પૂત્ર સૂર્યસિંહનો રાજ્યાભિશેષક કરવાનો છે, માટે ચાલો આપડે પણ જઇએ.

બ૦—જેવી આજ્ઞા (સર્વે જાય છે)

પ્રવેશ ૨ જો.

સ્થાન ગંગાજી માતાનો વાસ.

ચં૦—(પુત્રીનો હસ્ત પકડી) બેટા શાન્ત થા, ગભરા ના જરા ધીરજ ધર વ્હાલા મનના મનોરથ પૂર્ણ કરાવનાર તારી માતાને આજ તારી સન્મુખ ઉભેલા જુએ છે.

ક૦—અહો દેવ આ શું થયું. આ વળી નવીન શો બનાવ. દુખી બાળા ઉપર દુખ નાખ નાખજ કરોછો, હવે કાંઈ અંત લાવો નાથ તમારો વિયોગ અનહદ બાળે છે.

ગાયન ૨૬.

ગં૦—જરા પણ તારે મારો ડર રાખવો નહિ. એકવાર જે હું કહું તે કાન દઈને સાંભળ.

ક૦—પણ મૂને પ્રથમ જણાવો કે આપ કોણ છો અને મૂને બળતીને શા કારણે વધારે બાળોછો, મારી દેહનો અંત લાવવામાં આપે અટકાવ શાનો કર્યો, આ સઘળું કાંઈ સમજાતુંજ નથી.

ગં—દેવાલયની આગળ અખંડ જળ થકી વહેનાર છું હું.
વિધિના લેખે કરી શ્યામ બન્યો કેદીઓના મુક તરૂણી તુને બચાવનાર છું.

જગતના લોકો બધા, બાધા રાખે છે મારી,
હું છું જગતની માતા, જગતમાં પુત્રી તું મારી.

બારવર્ણન આ મુખથકી વર્ણન કરી શકાય તેવું છે મારા ખરા સ્વરૂપના દર્શન કરવા હોવ તો કરીલે (ખરા રૂપમાં આવે છે) જો આ મારા ચારભુજા એક હસ્તમાં શંખ, સઘળા રૈયતને પ્રાતઃકાળે જાગ્રત કરવા બીજા હસ્તમાં દંડ, જુલમી લોકોપર કેર વર્તાવા માટે દંડ, ત્રીજા હસ્તમાં ચક્ર અને ચોથા ભુજમાં ગદા.

ક૦—(દિંગમૂઢ બની)-માજી આપની લીલા અપાર છે હું આપનું વરસ શું કરી શકું. તમારૂ અત્યંત અનહદ મનમોહન સ્વરૂપ જોઇ કેવળ દીંગ હું તો બનીછું. આપના તેજમાં હુ અંજાઈ

છું આપની વાણી અમૃત સરખી પ્રીય આ કાનને લાગે છે, પણ એક વાત આ સઘળા સૂખનો નાસ કરી કેવળ દુશ્મનીની ગરજ સારે છે.

ગં૦—બેટા તારા મનની જે ઇચ્છા હોય તે માગી લે હું આપવા કબુલ છું.

કુ૦—મા‌જી, નથી મારી ઇચ્છા મુક્તામણીની
નથી મારી ઇચ્છા હીરામણીની
ઝવાહીર સઘળું ઝેરસમ લાગે
મમ પ્રાણ વિણ આ સંસાર વિષ સમ ભાસે
મારૂ સઘળું જીવન છે મમ શ્યામની પાસ
આ તરૂણીની કાયની છાયા, એજ વહાલા પ્રાણ

અરે દૈવ તુ પણ મારી સાથે રૂઠયો મારા પ્રાણને કેદ બનાવ્યા, શું? તે પાપી મારા પ્રાણને હેરાન કરતો હશે? શું પજવતો હશે? અરે નાના. મારા નાથ તો તેના જેવા સત્તરને એકે સપાટે ઉડાવી દે તેવા બળવાન છે, પણ શસ્ત્ર વિનાનો માનવી શું કરી શકે? તેમને દુઃખની અંદર કોણ આસવાસન આપશે? તેમની સુંદર કાયાનો કોણ સ્પર્શ કરશે? જે આંખોથી આ અબળા તરફ પ્રેમમયથી જોવાતું હતું, તેજ નયને લાલ લાલ આંખે જોવાતું હશે? જે મુખકમળથી આ દાસી તરફ મધુરતાભર્યા વચનો ઉચરતા હતા? તેજ મુખકમળથી મર્મના બાણ સમતી વખતે કઠોર વચનો ભખાતા હશે? જે હસ્તથી મુખમાં સોનાના કોળીઆરૂપી ગાસ મુકતા હતા તેવા હસ્ત પર આજ લોહની બેડી પડી હશે નાથ સહન થતી હો કે ના થતી હો? આ અબળા આપણા દુખમાં ભાગ લેવા તતપર

જ છે પણ વિધિના પુર્વના યોગે કરી હું જીવવા પામીશું આપના દેહમાં પણ પ્રાણ હશે તો પ્રેમ પક્ષીઓ ફરીથી ભેગા થઇ શકીશું પ્રેમ મોતીનો ચારો ચરી લઇશું. વધારે શું કહું. કાંઇ પણ આપને જણાવી શકતી નથી.

ગં૦—દીકરી ચાલો તમને પણ તમારા પતિ ભેગા કરૂં.

કું૦—જેવી તમારી આજ્ઞા (જાય છે)

ટેબલો.

પ્રવેશ ૩ જો.

સ્થળ (કારાગૃહ.)

ક્રું૦—(સૂર્યને બેડી કરી પકડી લાવી) કેમ સૂર્ય હવે તારી કાયાનો થોડીવારમાંજ અસ્ત થશે. તારા લોહીનું માંસનુ આ દેવીને આગળ ભોગ અપાશે ? તે દીવસે તારા શયનગૃહમાંથી તારૂ અમુલ્ય રત્ન લઇ જાત પણ કાયર કાળજાના અસૂર તારા બળવાન યોદ્ધાઓથી તું બચવા પામ્યો, નહિ તો ક્યારનોએ આ ક્રુરસિંહની તલવારનો શિકાર થઇ પડયો હોત ?

સૂ૦—ઓ નાપાક ઓરતના પુત્ર, ઓ દૈત્યના રૂપમાં ભરસતાં અસૂર રામના રૂપમાં દેખાતાં રાવણ સમ હમણા પલકમાં પણ તું રોળાઇ જાઇશ તારૂ મોત તને દેખી રહ્યું છે તારી આસપાસ ભમે છે તારી કાયા મોતના ભયથી થરથર કંપે છે, ટાંટીઆ ધ્રુજે છે, હસ્તમાં લીધેલી અસી જમીનપર પડવા તલપી રહી છે જો

સૂર્યના ખાડનો સ્વાદ ચાખવો હોય તો આગળ આવ આગળ
(એમ કહી દોડે છે પણ પડી જાય છે)

કુ૦—કેમ અલ્યા તરકડા મગજમાં હજી શા શા વિચારો ઘડે છે
જે જે ઘડીશ તે સઘળા વ્યર્થ જશે.

સૂ૦—ઓ વેરાનના રાજા, રાણી વાસમાં રહેનાર કપૂત તારી ક્ષત્રીય
કુળની ગાદીને અપવિત્ર કરી છે, તારા બાપદાદાની આબરૂપર
પાણી ફેરવવું છે તારા જેવા જુલમી રાજા થશે તો પૃથ્વીનો
થોડાજ સમયમાં પ્રલય થશે તારા જેવા બાયલા રાજા બનસે,
તો મૂછીલા પટાદાર બનસે ?

શિયાળ વનનો રાજા ભલે માને મનથી
પણ સિંહ દીપી આવશે તેના કૃત્યો થકી
માનવીની ટોળીમાં વાનર આવી ભલે વસે
પણ સ્વભાવીક ગુણથકી, દાંતીઆ કાઢી ઘસે
કુળ હિણો કહે હુ કુળ વાળો
દમામથી બહુ ફરવાજ વાળો
શસ્ત્ર રાખ્યું પાસ, મ્યાનને દીપાવવા
ન આવડે કરતા ઉપયોગ, શું જીવ્યો મુખ દેખાડવા
તુજ રક્ત પિવા હસ્ત તલપી રહ્યા છે માહરા
તુજ માંસનો ભક્ષ કરવા, કર થરથરી રહ્યા છે માહરા

કુ૦—તારી કાયા તણા કટકા મુજ હસ્તથી કરીશ
ગીધ ગર્ધવ ઇત્યાદી પ્રાણીનો આહાર બનાવીશ
આ ચળકતી વીજળીના વેગ સમ મારી અસી
પલકવારમાં આવી હું લાવી દઇશ તુજ પર ધસી

સૂ૦—તોડી નાખ બેડી મારી
　　જો તુ મારૂ જોર બતાવું તુજ આગળ દાખી
ક્રુ૦—સિંહને પાંજરે પૂર્યો, છૂટો ન કરે કોય
　　કાળનો ભય સર્વેને, તુટે ન તોય
સૂ૦—કર છૂટો જો મારૂ પરાક્રમ, જો મારી લડવાની ચાલાકી.
ક્રુ૦—ચાલ તૈયાર થા.
સૂ૦—સાવધાન.
　　(જેવો ક્રુરસિંહ ઉપડે છે તલવાર કે નારદજી આવે છે)
ના૦—નારાયણ, નારાયણુ ? સબુર પાપીઓ વધ થતો અટકાવવા
　　માટે મારૂ પધારવું થયું છે ?
ક્રુ૦—ઓ જોગટા તું વળી કોણ છે. તું પણ સ્વાદ ચાખવા આવ્યો
　　હોય તો લે ચાખ.
સૂ૦—અંધ તુ ન પારખે, હીરો કે કાચ છે
　　અંધ તુ ન પારખે, કથીર કે કંચન છે
ના૦—શાહબાશ વિર રત્ન શાહબાશ (હસ્ત પર હાથ ફેરવતાં (બેડી
　　તુટી જાય છે)
સૂ૦—સબુર, ક્રુરસિંહ સબુર હવે તારો કાળ તારી સામે છે (તેનીજ
　　તલવાર લઇ) (તેના પર ધસી)
સૂ૦—મોત તારી સામે છે, જો આ રહ્યું, આ તારી આગળ તારી
　　પાસે (એમ કહી મારે છે)
ના૦—બેટા ચાલો હવે વાર ના લગાડો.
સૂ૦—જેવી આજ્ઞા.　　　સલામ.

પ્રવેશ ૪ થો.

કુર્રસિંહના ઘર તરફ જવાનો રસ્તો.

જા૦—(સ્વગત) ભરદરબારમાં મારૂ અપમાન કર્યું મને ઝેરી નાગ કહી સતાવ્યો તો લેતો જા હવે કાંઇ ફીકર નથી સીંહ પાંજરામાં એની મેતે આવી પહોંચ્યો છે તો વાર શાની ? મારો હુકમ થતાવાત સૂર્યનું ડોકુ ધડથી હેઠું પડશે તેના રૂધીરની નદીઓ વહેશે, આપડા ભાગ્યનો ઉદય થશે, આપડો ચડતીનો સૂર્ય માથા પર ઉગશે સૂર્યના પછી તેની ખૂની માતાનું પણુ ખૂન વળી મારાજ હાથે જે સ્ત્રીએ પોતાના પતિને પ્રેમમાં અંધ બનાવ્યો તેનું ખુન કર્યું તો પછી આપડી પણ એ દશા (માટે ચાલ જવાદે) જાય છે.

(નારદજી સૂર્ય સામા મળે છે)

નારદજી સૂ૦—કેમ જાલમસિંહજી શા વિચારમાં

જા૦—ખૂનીને સજા કરવાના ધ્યાનમાં.

ના૦—સજા કરવાનું શસ્ત્ર.

જા૦—સસ્ત્રની ક્યાંઇ જરૂર નથી.

મારા બાહુથી જોર કરીશ આ મારી અસીથી સૂર્યનું ધડ જમીનદોસ્ત કરીશ પછી તેના કાળજામાં રહેલું રૂધીર ખોબે ધરાઇને પીશ અને પાઇશ એ કુલટા સ્ત્રીના પુત્રીઓ વેસ્યા સ્ત્રીના કુમાર ? આટલું શાનું રાખે છે ગુમાન ?

સૂ૦—કબુલ મારી માતા ખૂની, ખૂન કરનારી વેસ્યા ? પણ એ દુષ્ટ તે સઘળું તેણે તારા સમજાવ્યાથી કર્યું છે, એ કામી કીડા તારા પર મોહિત થઇ કર્યું છે ભાઇ મટી શત્રુની ગરજ સારી

દીવર મટી ધણીની ગરજ સારી ધીક્કાર છે તારા જેવા બા-
યલાઓને ?

જા૦—બાયલા વિચારો તો તારા જેવાના અંતઃકરણમાં ઉગે છે ને
તેવા વિચારો મારા જેવા સુરવિરના હૃદયમાં આથમે છે તો
શુરવિર કોણ તે તુંજ વિચારી લેને ?

સૂ૦—કપટથી ભરેલા જાલમ, જો જોર હોય તો અજમાવ મારી
સામે તલવારથી તલવાર મીલાવ.

જા૦—તૈયાર.

સૂ૦—હોશિયાર. (લડે છે જાલમનું ખૂન) જાય છે.

ટેબલો.

પ્રવેશ ૫ મો.

(ઉધાનમાં સૂર્યકળામાં ગાંડો.)

સૂ૦—(આમતેમ આથડતો) વહાલી કળા તું ક્યાં ગઇ, તારી શી
દશા હશે ! તારા મધુર ભરેલા શબ્દો સર્વે જતા રહ્યા, તારા
દર્શન પણ નહિ ! ધણી દીલગીરી.

પ્રીયા, દેવીના મંદીર આગળ હું થયેલો કેદ
નજરે નજર મેં જોયું, ગઇ નદીમાં એ છે ભેદ

આસપાસનો વાયુ વાતો બંધ થા આ દીપક બળતો બૂઝાઇ
જા આ સર્વ સૂખનો આહાર થઇ જાઓ ! વહાલી તારી પાવત્ર
કાય જળમાં પધરાવી આત્મહત્યા કરી આ હિણુભાગીને નસીબે એવું
જોવાનું લખ્યું હશે ?

વિધિ છે તારો વિધિ ગરીબને સતાવવા
વિધિ છે તારો વિધિ દુખીને દુભાવવા
વિધિ છે તારો વિધિ સુખીનું સુખ હરવા
વિધિ છે તારો વિધિ સંપીને કલેશ દેવા

વિધિ તારો આવો વિધિ ક્યાં સુધી રહશે ? મારા મુખનું તેજ સુકાઇ મુખની લાલી ફીકી થઇ જાઓ જે હતું તે સર્વ જતુ રહ્યું છે મારા જીવતની દોરી તુટી રહી છે. ઓ પ્રિયા તને મળુંછું તારી પાસેજ આવુંછું.

ગાયન ૩૦.

ચાલ જીવ વધારે જીવી શું કરૂં. (મરવા જાય છે)

(અંદરથી) આત્મજીવની હત્યા કરનાર જીવ સબુર ? સબુર ?

સૂ૦—(ચકિત થઈ) આશાનો અવાજ.

(પ્રવેશ કરી)

(ગંગાજીકળા) ગંગાજી—વત્સ, પ્રીયાના વિયોગે પ્રાણ પણ તજવા તત્પર થયો આવો તમારો અનહદ પ્રેમ જોઇ તમારાપર રાજીછું. આ તમારી કળા જા કળા બા જા સ્વામીને ધીરજ દે.

ક૦—(લજીત) નાથ પ્રણામ છે આ દાસીના.

સૂ૦—પ્રીયા તારા પ્રણામ શીરે ચઢાવુંછું, પણ તું શી રીતે બચવા પામી ?

ક૦—નાથ તમને કેદમાંથી કોને મુક્ત કર્યા ? મુને તો આ માતાજીએ બચાવી છે ?

સૂ૦—(પ્રણામ કરી) માતાજી તમારો વત્સ તમરા ચરણમાં નમસ્કાર કરે છે.

ગં૦—બેટા તારૂ જીવન સર્વદા રહો, વહાલી કળા હું પણ સદા સૌભાગ્યવતીજ રહે એવી મારા ઉદરની આશીષ છે.

કુ૦—માથે ચઢ,ઉછું ?

ગં૦—સૂર્યસિંહ હવે આળસમાં ઝાઝો વખત ઊંઘીસ નહિ આવતી કાલે તારો રાજ્યાભિશેક સર્વ દેવો સમક્ષ થશે. અને હસ્ત મેળાપ પણ તેજ સમયે થશે ? માટે કચેરી ભરાવાની પેરવી કરાવજે ? હું જાઉંછું ?

સૂ૦—જેવી ઇચ્છા (જાય છે)

કુ૦—નાથ શ્રમથી આપનું શરીર લેવાઇ ગયું છે. યુવાન છતે આપના મૂખની કાંતિ ઝાંખી થઇ છે આપના ગાલની લાલી ઝાંખી થઇ છે આપનું અંગ દૂર્બળ થઇ ગયું છે ? તો નાથ જરા વિશ્રામ લ્યો.

સૂ૦—વહાલી તારા વેણુથીજ મારી શરીર સુખચેનમાં છે હું ઇંદ્ર કરતાં પણ અધિક સુખ માનુંછું તારા જેવી સ્ત્રી મળ્યાથી હું ઘણો ભાગ્યવાન લેખાઉંછું. (જાયછે) •

પ્રવેશ ૬ ઠો.

(રાજ્યદરબાર)

નાચ—૩૨

(સૂર્યકળા બેઠેલા છે પાછળથી નારદ અને ગંગાજીનો પ્રવેશ)

ના૦—ધન્ય છે દંપતિને ન લેખે સુખ કે ન લેખે દુઃખ.
ચડતી પડતી ચાર દીનની લેખી, સર્વે સહન કરે છે દુઃખ

સૂ૦—પધારો નારદજી બીરાજો આસન પર.

કુ૦—પધારો માતાજી તમારા વત્સના પ્રણામ છે.

ગં૦—બેટા તારા જેવી પતિવ્રતા સ્ત્રી ભાગ્યેજ આ અવની પર થશે ! પતિના દુખે દુખી, સ્વામીના સુખે સુખી.

નિરંતર હિત ચાહે પતિનું,
પતિના ધ્યાનમાં શત દિન ગાળે
નહિ અધર પર રૂચી, ન દયા ન લાવે

ના૦—તમારી જે ઇચ્છા હોય તે માની લ્યો !

સૂ૦—અમારા રંકની એક ઇચ્છા છે. આવો કૃષ્ણલક્ષ્મી સહદર્શન.

ના૦—તથાસ્તુ. (વૈમાન આવે છે)

કૃ૦—મારા બાળકો સર્વદા સુખી રહો, ધટસંપતિ વધો કલેશ કંકાસ સહુ ટળો.

સૂ૦—તાતજી એ સહુ અમને હજો ?

સૂ૦—પ્રધાનજી વિનોદરાયને જે જે જોઇએ તે આપીએ.

વિ૦—(ઉભો થઇ) નથી મારી ઇચ્છા, અધરપર આ ભોગો નૃપતિ ચાહું તારી સેવા સર્વદા આપો કમળપતિ.

સૂ૦—શાહબાશ છે વિરનર શાહબાશ તારા જેવા વિરલા ભાગ્યેજ આ અવનીપર પાકશે.

શાન્તિ. શાન્તિ. શાન્તિ